Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૮ • તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન લાલા ગામે પર્વાધિરાજ પર્વ પર્યુષણ આરાધના







LALA

લાલા















પરબ શક્તિ સંજીવની સોસાયટી

# પરબ નું ''જાગૃતિ અભિયાન''



પરબની ટીમ સાથે વક્તાઓ



C.A. રાજીવ લૂઠીયા



સેલિસીટર ઝરણા ખોના



હર્ષા ધરમશી



રીતિકા લાપસીયા



દિપ્તી ધરમશી



શિલ્પા અજાણી



જસ્મિની શાહ



વૈશાલી શાહ



શ્રોતાગણ

## Shradhanjali to Goutam Ramesh Desai



Date of Birth : 08-05-1983

Date of Death 22-09-2016

**Goutam Ramesh Desai**

Hubli Karnataka - Kutch (Sayera)

**We Miss You**

Our hearts still ache with sadness, and many tears still flow.
What it meant to lose you. no one will ever know.
We hold you close within our hearts,
and there you will remain. To walk with us
throughout our lives, until we meet again.

Mother-Father : **Rita Ramesh Desai**
Son in law of : **Veena Devdas Kumtakar**
Wife : **Sheetal Goutam Desai**
Son : **Kushal Goutam Desai**
Elder brother & sister in law : **Poonam Mayur Desai**
Younger sister : **Priyanka Hiren Khona**

From : **Desai Family ▪ Kumtakar Family ▪ Khona Family**

## કેન્દીય મંત્રી ડૉ. હર્ષ વર્ધનને પશુ સુરક્ષા માટે નિવેદન




''લવ ફોર કાઉ ફાઉન્ડેશન''ના ટ્રસ્ટી રીદ્ધેશ જાગીરદાર તથા સ્વામી સ્વયંભગવાનદાસ દ્વારા કેન્દ્રના પર્યાવરણ, વન, સાયન્સ અને ટેકનોલોજી વિભાગના મંત્રી ડૉ. હર્ષ વર્ધનને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે તેમને ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા તથા દેશમાં પ્રાણી સુરક્ષા માટે કડક કાયદા લાગુ કરવા વિશેષ વિનંતી કરવામાં આવી. તે ઉપરાંત ઈદ જેવા તહેવારોમાં રાજસ્થાનથી તેલંગણા, આંધ્ર તથા અન્ય રાજ્યોમાં થતી ઊંટો તથા અન્ય પશુઓની ગેરકાયદેસર હેરફેરને બંધ કરવા નિવેદન કર્યું હતું.

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 38/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## વડોદરા સમાજના કિર્તીસ્તંભો - પ્રવીણ લોડાયા (વડોદરા)

શ્રી વડોદરા સમાજે એની સ્થાપનાથી (૪૦ વર્ષ) આજ પર્યંત સામાજિક સેવા ક્ષેત્રે અનેક પ્રવૃત્તિ કરી સમસ્ત કચ્છી સમાજના ગગનમાં એક ચમકતા સિતારાનું અનેરૂં સ્થાન મેળવ્યું છે જે આપણા માટે ગૌરવાસ્પદ બાબત છે. આ ઉજ્જવળ યશોગાથા પાછળ સમાજના નાના-મોટા, નામી-અનામી કાર્યકર્તાઓની નિષ્ઠા, સંઘભાવના અને મહેનત કારણીભૂત છે.

મુંબઈમાં ૧૯૪૪માં ધડાકા પછી ઘણા જ્ઞાતિજનોએ મુંબઈ છોડ્યું. તેમા એક હતા શામજી નરશી નાગડા (નલિયા) જેમણે વડોદરામાં ક.દ.ઓ. જ્ઞાતિમાં પ્રથમ પગલું પાડનારનું નામ મેળવ્યું. યોગાનુયોગ કહીએ તો મુંબઈમાં શેઠશ્રી નરશી નાથાએ પ્રથમ પગલું મુક્યું તેઓ પણ નલિયાના અને શામજી નરશી પણ નલિયાના. બન્ને શહેરોમાં પણ જ્ઞાતિની પ્રગતિ જેટ વિમાનની જેમ થઈ. ફક્ત ૪૦ વર્ષોમાં વડોદરા ક્યાં તે ક્યાં પહોંચી ગયું.

૧૯૬૫-૭૦ પછી ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે મહાજનની રચના થઈ. ૧૯૭૭ થી ૨૦૧૬ સુધી મહાજનના પ્રમુખ તરીકેનું સ્થાન શ્રી ઠાકરશી પદમશી પનપારિયાએ શોભાવ્યું. ઠાકરશીભાઈએ સળંગ ૪૦ વર્ષ સુધી પ્રમુખપદે રહીને આ સ્થાનને ગૌરવ અપાવ્યું અને દેશના અન્ય મહાજનોમાં વડોદરા સમાજને પ્રથમ હરોળનું સ્થાન અપાવ્યું. ઠાકરશીભાઈએ ૪૦ વર્ષથી તન-મન-ધનથી સમાજની સેવા કરી તેનો વડોદરા સમાજ સદૈવ ઋણી રહેશે.

આજે આપણે વડોદરા સમાજને ઊભું કરનારા પાયાના પત્થરો સમાન એ બધાને યાદ કરીએ જે આપણી વચ્ચે તો નથી પરંતુ તેમની જહેમતને કારણે, તેમના સહકારને કારણે આપણો સમાજ આજના સ્થાને પહોંચેલ છે.

શરૂઆતના દોરથી જોઈએ તો શામજી નરશી નાગડા પછી સાંયરાના હીરજી ખેતશી મોમાયા પ્રોફેસર હતા તેમનો, સમાજના દરેક કાર્યોમાં લાભ મળ્યો. તેઓ એક મૂક સેવક હતા.

બાંઢિયાના શરદચંદ્ર ભવાનજી માહેશ્વરીએ પણ વડોદરા સમાજને આગળ વધારવા સારા પ્રયત્નો કર્યા. જખૌના કાન્તિલાલ મુલજી શિયાડ પણ જ્યારે ક.દ.ઓ. અને ક.વિ.ઓ સાથે હતા ત્યારે અચલગચ્છનું પ્રમુખસ્થાન શોભાવી ચુક્યા છે બન્ને સમાજોમાં એકતા રહે તે માટે તેમણે ઘણા પ્રયત્નો કર્યા હતા.

વડોદરામાં ટ્રાન્સપોર્ટ કંપની ધરાવનાર મામા ટ્રાન્સપોર્ટના ઈન્દ્રકુમાર ગોવિંદજી લોડાયા જેઓ 'મામા'ના હુલામણા નામથી પ્રખ્યાત હતા, તેઓએ ઘણા વર્ષો સુધી પોતાની ઑફીસ તથા ગોડાઊન, પર્યુષણ પર્વની સામુહિક આરાધના, મહાકાલી માતાજીની ભાવના વિગેરે કાર્યક્રમ કરવા માટે આપ્યા હતા. આવા નેકદિલ અને ઉદારદિલ જ્ઞાતિજનોના લીધે સમાજની પ્રવૃત્તિઓને ટેકો મળતો આવ્યો છે.

સાંયરાના પદમશી રતનશી લોડાયાના માર્ગદર્શનના કારણે સમાજને ઘણા ફાયદો થયો હતો. સમાજના દરેક કાર્યમાં તેમની સતત હાજરી રહેતી. એમના માતુશ્રી નેણબાઈ માએ વડોદરામાં રહેતા આપણાં સમાજનાં બાળકોને તેમજ બહેનોને ધાર્મિક જ્ઞાન મળે તે માટે પાઠશાળાની શરૂઆત કરી હતી. જેને આજે પણ સુથરીના બેન ઈન્દિરા ધનજી છેડા સુચારૂ રૂપથી ચલાવીને પરંપરા નિભાવી રહ્યા છે. સળંગ ૪૦ વર્ષથી પાઠશાળા ચલાવવી રમત વાત નથી. એ બહેન ખરેખર ધન્યવાદને પાત્ર છે. એમને વડોદરા સમાજ શત-શત પ્રણામ કરે છે.

૪૦ વર્ષના ટુંકા ઈતિહાસમાં ઘણા નામી-અનામી ભાઈઓએ સમાજને આગળ લાવવા પ્રયત્નો કર્યા. તેમાં શ્રી તેરાના નીતિન આણંદજી નાગડા, સાંધવના હીરાચંદ લક્ષ્મીચંદ નાગડા, દેવશી વાલજી લોડાયા (સુથરી), જખૌના મહેન્દ્ર કરમશી વિકમશી વિગેરેના નામો ઉલ્લેખનીય છે. મૃદુભાષી મહેન્દ્રભાઈ ધાર્મિક વિધિઓમાં ખૂબ જ શ્રધ્ધા ધરાવતા હતા. તેમનો ભારતીય શાસ્ત્રીય સંગીતમાં નિપૂણતાનો પરિચય સમાજને અનેકવાર મળ્યો છે. તેવીજ રીતે કોઠારાના હીરાચંદ શામજી લોડાયાએ જાદુના અનેક ખેલો બતાવીને સમાજની સામે મનોરંજન પિરસ્યું

હતું. નવા ઉભરેલા સમાજ પાસે સાધનો ટાંચા હોય છે તે સમયમાં સુથરીના પદમશી દેવશી છેડા એ પોતાની બસો દોડાવીને સમાજને ઘણા વર્ષો સુધી નિઃશુલ્ક સેવા આપીને ચૈત્યપરિપાટી કરાવી હતી. મુંબઈ દેશાવરથી આવતા અનેક


પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર વિનંતી.

**જાહેરાતકર્તાઓએ નોંધ લેવા વિનંતી**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


સંઘો માટે કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવા તેઓ સદૈવ તત્પર રહેતા. આજે પણ બચુભાઈની યાદો દરેકના અંતરમાં વસેલી છે. વર્ષો સુધી સેક્રેટરી પદે રહેનાર સુથરીના રતિલાલ કાનજી ધુલ્લાને પણ ન ભુલી શકાય. તેમણે સમાજની વર્ષો સુધી હળી મળીને સેવા કરી હતી. સુથરીના ધનજી લાલજી છેડાએ પણ મહેતાજી તરીકે પેઢીનો વહિવટ સુચારુરૂપથી સાચવનારા તરીકે નામના પ્રાપ્ત કરી હતી.

તેરાનાં આણંદીલાલ માણેકજી દંડ સમાજ કેમ આગળ વધે એની ભાવના ધરાવતા હતા. તેમના ધર્મપત્ની પ્રતિભાબેન પણ સામાજીક કાર્યોમાં ખાસો રસ દાખવતા. આજે વર્ષોથી એમના કુટુંબીજનો તરફથી જ્ઞાતિના બાળકોને શૈક્ષણિક ઈનામો આપવામાં આવે છે તેમજ જ્ઞાતિના યુવાનોને તે પ્રોત્સાહન મળે એવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

આજ અરસામાં સમાજે સૌથી મોટો આત્મયી ખોયો રાજેશ કાંતિલાલ મોતા (રાયધણજર)ના રૂપે, રાજેશભાઈ ખરેખર મોતા નહીં પણ ‘મોટા’ મને સમાજના કાર્યો કરીને તન-મન-ધનથી સમાજસેવા કરી. એમના તથા એમના કુટુંબીજનોના સહકારથી આજે કે.ડી.ઓ. ભવન તથા વિમલનાથદાદાનાં જીનાલયનું નામ ચારેકોર ગગનમાં ગાજે છે. એમની સલાહ-સૂચન તથા માર્ગદર્શનની ખોટ સમાજને સદાય રહેવાની.

આ જ સમયગાળામાં સંઘમાતાનું બીરૂદ પામનાર માતુશ્રી નિર્મળાબેન કુંવરજી લાલકા (લાલા)ને સમાજે ખોયા. દરેકનાં વંદનિય નિર્મળાબેનનાં સંસ્કારોની ઝલક આજે પણ એમના પરિવારજનોમાં દેખાય છે. અનેક ધાર્મિક વિધિવિધાનો, પુજનોમાં એમણે અનુદાન કર્યા. એવી જ રીતે એમના બહેન જખૌના નવલબેન જેચંદ લોડાયાએ પણ સમાજને એક નૂતન ઉપાશ્રયની ભેટ આપી. આ નૂતન ઉપાશ્રય દિવાળી અથવા લાભપાંચમના સમાજને અર્પણ થશે. સ્વ. નવલબેન વર્ષોથી આયંબિલ ઓળી કરાવવાનો લાભ લે છે, તેના માટે ખુબ ખુબ અનુમોદના. આ બધાની વચ્ચે થોડાક નામો એવા પણ છે જેઓ મૂક સેવક બની પડદા પાછળ સમાજની સેવા કરતા રહ્યા. આ પ્રસંગે એમને પણ યાદ કરીએ. આમાં કિર્તિભાઈ પોલડીયા, ખુશાલ - નવીન લોડાયા, ઝવેરચંદ ધુલ્લા વિગેરે છે. એ ઉપરાંત હાલમાં જીવનનાં આઠમા દાયકામાં સમાજ માટે જીવનભર કાર્યરત રહેનાર આપણાં વડીલોને પણ શતાયુ માટે શુભેચ્છા પાઠવીએ. એવા જ્ઞાતિજનો છે - તારાચંદભાઈ, જીવરાજભાઈ, માણેકજીભાઈ, હીરજીભાઈ અને હીરાચંદભાઈ (ભગત).

તો આ હતાં વડોદરા સમાજનાં કર્ણધારો. જેમણે ફક્ત ૪૦ વર્ષોમાં વડોદરા સમાજને પ્રથમ હરોળમાં મુક્યું. આવા કિર્તીસ્તંભોને શ્રધ્ધાસુમન અર્પણ કરીને વિરમું છું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન લાલા

## લાખેણાં લાલા ગામે પર્વાધિરાજ પર્વ પર્યુષણ પાંચે આંગળીએ પોંખાયો !!

WEL COME
LALA



ચંદ્રપ્રભુ સ્વામી પ્રત્યે ભીતરમાં ભાવ અને હૈયે હામ રાખી, નવી નિમણુંકે નિમાયેલા યુવા ટીમના યુવા પ્રમુખ એલ. ડી. માસ્ટર સહ દિલીપ દંડ, પારસ મૈશેરી, રાજેશ મૈશેરી, તેજપાલ ધરમશી, રાજેષ મોમાયા, નવીન લોડાયાની હાકલ હોંકારો આપી, નિયાણી સહ ૭૦ થી ૮૦ જણ લાલા-મુંબઈ-વડોદરા-નાંદગાંવ-ભૂજ-ગાંધીધામ-તેરા-જખૌ-આદીપુર સ્થળેથી પધારી અબડાસામાં ઢોલ વગાડી દીધો!! ભુજ પહોંચતા જ મહાજનશ્રી દ્વારા તુફાન ગાડીઓ થી લાલા પહોંચતા સ્થાનિકો સાથે, જખૌ મહાજનશ્રી સાથે માલતીબેન અને હરીશભાઈ ધરમશી દ્વારા ઢોલ શરણાઈઓના ધુબાકે સ્વાગત થયું. પર્વારાધના કરાવવા શ્રીમતી પુષ્પાબેન તથા કંચનબેન પધારી વ્યાખ્યાન, પ્રતિક્રમણ, ભક્તામર, પ્રશ્નોતરી, ગેઈમ, લક્કી ડ્રૉ આદી કાર્યે પર્વને સફળ બનાવ્યો. મહાજનશ્રીએ તેઓશ્રીનું ઉચ્ચિત ગૌરવ કરી આર્ય રક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠ કુપન બુક પૂરી કરી, આભાર માન્યો. નિત્ય સવારે પ્રભાતીયા, પૂજા, પ્રભાવના, સંઘ પૂજન અને ચંદ્રપ્રભુ ભાવના ભણાવવા મેલ ઝુલ રાખી પર્વને સોહામણો સજર્યો. ટીમ માસ્ટર એલ. ડી. માસ્ટરનું પાઘ પછેડીએ બહુમાન થયું.

લાભાર્થી પરિવારો દ્વારા દસ દિવસ પૂરા દિવસની સ્વામીભક્તિ રહી. સૌ લાભાર્થીઓનું બહુમાને ગૌરવ કરાતાં અને રંગતે રંગાતા આવતા વરસના પર્યુષણ માટે દસ દિવસના આગોતરા નામો નોંધાઈ ગયા! અને ફરી આવવાના કોલ દીધા. હર કાર્યે 'મુડસ લાલાઈ' હિરાચંદ મૈશેરી, શાંતીલાલ મૈશેરી, ગિરીશ મોમાયા, બાબુભા, મુસ્લીમ બીરાદર મામદભા અને બાવાજી કલરવાળાએ સૌના દિલ જીતી લીધા. મહાવીર જન્મ વાંચને લાલાના સર્વે ઘર દીઠ પાંચ પાંચ લાડુની લાણી કરાઈ. નિત્ય દર્શનપ્રિય આંગી બનાવવા માટે દેશના, ચિ. જિનાંગી, ચિ. સ્તુતિ મૈશેરી, નિધી અને મોનીકાબેને ખૂબજ જહેમત ઉઠાવી હતી. તેઓશ્રીને બીરદાવ્યા.

કલ્પસુત્ર પોથીજી ૧૧૧૧ મણમાં માતુશ્રી મણીબેન રાઘવજી મૈશેરી હસ્તે મહેશભાઈ અને પારણું ૫૦૧ મણમાં શ્રી દીલીપભાઈ ઉમરશી દંડે પધરાવ્યું હતું. શાલીભદ્રની પેટીના લાભાર્થી માણેક ઉમરશી મૈશેરી. રાત્રી જાગરણે ભાવના - રાસ - ગરબા આદી કાર્યે મોજ કરાવી સાથે ભાંડૂપ થી ધારિણી પ્રતાપ, મુલુન્ડ થી હંસકુમાર મૈશેરીએ ધૂબાકો કર્યો. શ્રીમતી સરિતા જયેશ દંડે ભાવનાએ ભીતર ભીનું કરાવ્યું! સ્વપ્નાનું કુલ ધૃત મણ ૧,૮૮૦૦૦ થયું અને પર્વનું કુલ ધૃત મણ ૨,૫૫૦૦૦ થયું. દર્શને પધારેલ જખૌ-નલીયા-સાંધવ-વાંકુ-પરજાઉ-મોટી સિંધોડી-સુથરી-જસાપર-રાણપર-રાપરગઢવારી-વારાપધર-વરાડીયાના સંઘો સાથે શામજી નરશી દંડ, કલ્પેશ મોતા, કમલેશ વિકમશી, ચેતન મેઘજી મોતા, તિલેશ મૈશેરી અને કે.વી.ઓ. જ્ઞાતિના તરુણ ફતેચંદ રાંભિયા વગેરે મહાનુભાવો લાલા દર્શનાર્થે પધાર્યા હતા. પધારતા સૌનું બહુમાન કરવામાં આવેલ. સર્વે તપસ્વી સાથે ત્રણ પેઢીના પૂજારી વિનુ મહારાજનું સજોડે, સરપંચશ્રી - તલાટી - રસોઈ બનાવનાર મહારાજ વગેરેનું શાલ ઓઢાળી, કવર આપી સત્કારાયા. ઉત્સાહી મહાજનશ્રીએ, મહાજનશ્રીના મકાનોનું રીપેરીંગ, ઈલેક્ટ્રીક ફીટીંગ્ઝ, નવા ટોયલેટ-બાથરૂમ, પંખા, લાઈટ, જિનાલયનુ કલરકામ પૂર્ણ કર્યુ. ટેબલ, ખુરશીઓ વસાવ્યા, વરસોથી અધુરા રહી ગયેલા કાર્યોને વેગ આપ્યો. સૌથી અગત્યનું કાર્ય મહાજનશ્રી હસ્તક મકાનોને સરકારી ચોપડે નામે ચડાવવાનું કાર્ય પૂર્ણ કર્યું! નવો બોરવેલ તથા ઈલેક્ટ્રીક ફીટીંગ્ઝના લાભાર્થી દાતા માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ રાજપાર મૈશેરી પરિવાર તથા ખુરશી ટેબલ અને રજાઈના દાતાશ્રી શ્રી ભીંયશીભાઈ કાંયા લાલકા પરિવાર થયા. ખૂબજ ધન્યવાદ અને અભિનંદન. સુથરી મહાજનનો અમોને સાથ સહકાર મળેલ. અમે એમના ઋણી છીએ.

ગામ અને ચંદ્રપ્રભુ પ્રત્યે ભાવ ભક્તિ લગાવ અને લગનીએ જોશ અને જોમે નીતરતા નયને સર્વેને મિચ્છામી દુક્કડમ્......

**લી. શ્રી લાલા ચંદ્રપ્રભુ જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ લાલા**

## પર્યુષણ પર્વના વિગતવાર અહેવાલ મોકલવા વિનંતી

આપના સ્થાનિક જિનાલય, દેરાસરજી, મહાજન, મંડળ, ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાયેલ પર્યુષણ પર્વ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ, ઘૃત બોલીઓ, દરેક સ્વપ્નના ચડાવા, તપસ્યા, આરાધના ઈત્યાદિના વિગતવાર સમાચાર મોકલવા તથા જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ પણ જણાવવા વિનંતી છે. શક્યતઃ વધારે વિગતવાર સમાચાર પ્રકાશિત થશે.

## સંસ્થા સમાચાર વિગતવાર છપાશે

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે.

**ભુલ સુધાર :** અંક ૩૭માં પાના નં. ૭ ઉપર નિબંધ સ્પર્ધાની વિગતમાં પ્રકાશ સમિતીના બદલે પ્રકાશ સમીક્ષા તથા ફાલ્ગુન લખમશી મોતાને બદલે ફાલ્ગુન લખમશી ખોના વાંચવું.


મહાવીર - માટુંગા સેલ • મહાવીર - માટુંગા સેલ

**એમ્બ્રોઈડરી સાડીઓનું**

**ભવ્ય સેલ**

**૨૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ**

- હાથ અને મશીન પારસીગારા ૨૦%
- ફેન્સી સાડીઓમાં ૨૦%
- ટેસ્ટેડ કસબની સાડીઓ ૨૦%
- ટેસ્ટેડ ચણીયા ચોળીમાં ૨૦%
- કસબની તૈયાર બોર્ડરમાં ૨૦%
- પ્લેઈન સાડી મટેરીયલ ૨૦%
- ઓર્ડર થી બનાવીને મજુરી ઉપર ૨૦%
- ઓલ્ટરેશન ઉપર ૨૦%
- બાંધણી માટે ફેન્સી બોર્ડર ૨૦%

સાચી જરીની સાડીઓ ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

કારીગરની સેમ્પલ સાડીઓ ઉપર ૪૦% થી ૫૦%

ગુરૂવાર તા. ૨૧-૯-૨૦૧૭ થી ગુરૂવાર તા. ૧૯-૧૦-૨૦૧૭

**દિવાળી સુધી દરરોજ**

**શ્રી મહાવીર'સ એમ્બ્રોઈડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ, ધનલક્ષ્મી અને એચડીએફસી બેંકની બાજુમાં, ફુલ ગલ્લી સામે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.

**ફોન : ૨૪૦૨ ૫૦૭૦ મોબાઈલ : ૮૬૫૨૨ ૩૯૫૩૭**

મહાવીર - માટુંગા સેલ • મહાવીર - માટુંગા સેલ


# શ્રદ્ધાંજલિ



## વિનયચંદ્ર રાયચંદ ધરમશી

**દેહ વિલય : તા. ૨-૮-૨૦૧૭**

આત્મા ક્યારેય જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી તે અજન્મા, ચિર સ્થાયી તથા પુરાતન છે. તેથી શરીરનો નાશ થાય ત્યારે પણ આત્માનો નાશ થતો નથી.

જૈન શાસ્ત્રો, શ્રીમદ્ ગીતાનાં આવા કેટલાય વચનો અમને ખબર છે. પણ અચાનક આપની ચીરવિદાયથી આ બધુ વિસરાઈ ગયું છે. અમને સૌને, પરિવારને, કુટુંબીઓ, સગા સંબંધિઓ, મિત્રો તથા પરિચિતો ને આપનાં સ્નેહ અને કોઠાસૂઝ થી એક તાંતણે બાંધી રાખ્યા હતાં.

આપની વિદાયથી અમારા સૌના હૃદયમાં શૂન્યાવકાશ સર્જાયો છે.

**પરમાત્મા આપના આત્માને ચીરશાંતી બક્ષે...**



**નિર્મળા વિનય ધરમશી**

ઉજ્જૈન

## આરોગ્ય પ્રકાશ : આમવાત કે રૂમેટોઈડ આર્થાઈટીસ - ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આમવાત કે ફરતો વા ને ડૉક્ટરી ભાષામાં રૂમેટૉઈડ આર્થાઈટીસ કહે છે જે આર. એ. ના ટુંકા નામે ઓળખાય છે. આ એક પ્રકારની 'ઑટોઈમ્યુન' બિમારી છે, એટલે કે આપણા શરીરની પ્રતિકાર શક્તિને લગતી બિમારી છે. શરીરના બધા જ સાંધાની લાઈનીંગ-સપાટી ઉપર વારા ફરતો સોજો આવે છે એટલે એને 'ફરતો વા' કહે છે. ખોરાક જ્યારે પચતો નથી ત્યારે આંતરડામાં 'આમ' તૈયાર થાય છે અને આ 'આમ' સાંધામાં તકલીફ આપે છે માટે આયુર્વેદમાં આ બિમારીને 'આમવાત' કહે છે. સાંધા ઉપરાંત કોઈ વખત આ બિમારીમાં આંખો, ત્વચા, ફેફસા, હૃદય અને જ્ઞાનતંતુ પર પણ અસર થાય છે. રૂમેટોઈડ આર્થાઈટીસ એક પ્રકારનો અસાધ્ય રોગ મનાય છે. પહેલા આ રોગની કોઈ એલોપેથીક દવા નહોતી. આપણી 'ઈમ્યુન સીસ્ટમ' એટલે શરીરની રોગ પ્રતિકાર શક્તિ. આ ઈમ્યુન સીસ્ટમ શરીરનું રોગોથી રક્ષણ કરે છે. આ રોગમાં ઈમ્યુન સીસ્ટમ શરીરના કોઈપણ અવયવના કોષને શરીરને નુકશાન કરનાર કોષ સમજી તેનો નાશ કરવા માંડે છે. આવું અમુક જ લોકોને કેમ થાય છે તેનું કારણ હજી વૈજ્ઞાનિકો શોધી શક્યા નથી પણ નવી શોધખોળોથી રોગનું નિદાન જલ્દી થાય છે અને રોગને આગળ વધતો અટકાવી શકાય છે. આપણા દેશમાં ૧% લોકો આ રોગથી પીડાય છે.

**લક્ષણો :** કોઈ પણ સાંધામાં સોજો, દુઃખાવો, સાંધા ઉપરની ચામડી ગરમ લાગે, નાના મોટા બધા જમણી અને ડાબી બંને બાજુના સાંધામાં રોગ થાય. સવારના ઉંઘમાંથી દર્દી ઉઠે ત્યારે કે કોઈપણ પ્રકારનું હલનચલન ન કર્યુ હોય ત્યારે આ રોગની અસર થયેલ સાંધો કે સાંધા અક્કડ થઈ જાય, દુઃખે, વળવાની ક્રિયા (સાંધાની) ઓછી થાય કે બિલ્કુલ ન થાય, દર્દી સાંધો વાળવા જાય ત્યારે સાંધામાં સખત દુઃખાવો થાય, કોઈકને ઝીણો તાવ આવે, થાક લાગે. આવા લક્ષણો ધીરે ધીરે બેએક વર્ષે પણ આવે, કોઈક દર્દીને એકસાથે ઝડપથી પણ આવે. મોટે ભાગે ૩૦ વર્ષ દરમ્યાન આ રોગ થવાની શક્યતા વધારે, સ્ત્રીઓમાં શક્યતા વધારે, વારસાગત છે, કોઈકવાર નાના બાળકોને પણ થાય અને કોઈકવાર ૭૦ વર્ષ પછી પણ થઈ શકે.

**કારણો :** ચોક્કસ કારણ હજી સુધી વૈજ્ઞાનિકો નક્કી જાણી શક્યા નથી. વારસાગત છે, ચેપ લાગ્યો હોય તો આ રોગ થવાની શક્યતા ૭૦ થી ૮૦% છે. કયો ચેપ લાગે ત્યારે આ રોગ થાય એની હજી સુધી ખબર પડી નથી. અમુક ડૉક્ટરો અમુક બિમારીમાં સ્ટેરોઈડની દવાઓ લાંબો સમય આપે કે દરદી પોતે સારૂં લાગે છે માટે આવી સ્ટેરોઈડની દવા જાતે જ લાંબો સમય ચાલુ રાખે તેમને આ બિમારી લાગુ પડે છે. ઈમરજન્સીમાં ડૉક્ટરો આવી દવાઓ ચાલુ કરી પછી Tapered કરે છે એટલે કે ધીરે ધીરે ઘટાડી બંધ કરે છે. આવી દવાઓ કોર્ટિકોસ્ટેરોઈડ, બેટામેથાસોન, ડેફલાથકૉર્ટ, પ્રેડનીસોલોન, હાઈડ્રોકોર્ટીસોન, ડેક્સામેથાસોન, મિથાઈલ પ્રેડનીસોલોન, ટ્રાયએમસીનોલોન, બેટનેલાન વગેરે છે. જેનું ધ્યાન રાખીને વધુ સમય ન લેવી, નહિંતો તેનાથી આરોગ્યને વધુ નુકશાન થાય છે, સાંધા ઘસાય છે. જે ગોળીમાં ઉપરના કન્ટેન્ટ હોય તે વધુ સમય ન લેવી. રેપર વગરની અમુક ગોળી પર 'DMS' લખેલું હોય તે પણ આ જ પ્રકારની ગોળી છે.

**સાંધાને કેવી અસર થાય :** આ બિમારીમાં સાંધાની વચ્ચે રહેલ પ્લાસ્ટીક જેવું પડ (કાર્ટીલેજ) અને સાંધાની બન્ને બાજુના હાડકા ઘસાઈને નાશ પામે છે. સાંધાનો આકાર બદલાઈ જાય, વળી જાય અને સમય જતાં ઈલાજ ન થાય તો સાંધાની વળવાની કે સીધા થવાની શક્યતા રહેતી નથી. રૂમેટોઈડ નોડ્યુલસ્ - કઠણ ગાંઠ, ખાસ કરીને આંગળીના સાંધાની નીચે થાય છે આવા સાંધાને ડ્રમસ્ટીક જોઈન્ટ કહેવાય.

**બીજા અંગો પર અસર :** આંખ પર સોજા અને મોંમા રહેલ નાની ગ્રંથીમાં સોજા થાય છે. ફેફસાની આજુબાજુના કવર (પ્લુરા) પર સોજા આવે જેને પ્લુરાઈટીસ કહે છે. હૃદયની આજુબાજુના કવર (પેરીકાર્ડિયમ) પર સોજા આવે (પેરીકાર્ડાઈટીસ) હાડકાની અંદર મજ્જ્યા જ્યાં લોહી ઉત્પન્ન થાય છે તેની ઉપર અસર થવાથી લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું થાય છે.

**બાળકોમાં થતો ફરતો વા (જુબેલાઈન રૂમેટોઈડ) :** આ તકલીફમાં બાળકોને સાંધામા સોજો, દુઃખાવો, સાંધાના ભાગને નુકશાન જેવી મોટાઓની જેમજ તકલીફ થાય છે. સ્ત્રીઓને આ રોગ થયો હોય તો ગર્ભાવસ્થા દરમ્યાન આ રોગની તકલીફો ઓછી થઈ જાય છે પણ જેવો બાળકનો જન્મ થાય કે તરતજ આ રોગના લક્ષણો વધુ દેખાવા લાગે છે.

**નિદાન :** ૧) નાના-મોટા બન્ને બાજુના (ડાબે-જમણે) દરેક સાંધા (કાંડા, આંગળી, ઢીંચણ) વગેરેમાં સોજા, દુઃખાવો, ક્યારેક પાણી ભરાઈ જવું વગેરે તકલીફ હોય એટલે આ રોગનું નિદાન થાય. ૨) લોહીની તપાસમાં હિમોગ્લોબીન ઓછું અને સફેદકણ વધારે હોય છે. ૩) RA Test (રૂમેટોઈડ ફેક્ટર) પોઝીટીવ આવે. ૪) એન્ટી CCP (એન્ટી સાયક્લિક સેહુલીનેટેડ પેપ્ટાઈડ) આ Test પોઝીટીવ આવે. આમ છતાં ચોક્કસ રીતે નક્કી કરી શકાય તે માટે લોહીની એક પણ ટેસ્ટ નથી. ૫) એક્સ રે ની તપાસથી રૂમેટોઈડ આર્થાઈટીસનું નિદાન થઈ શકે તેમજ પહેલી વખતનો અને તેના પછીના એક્સ રે જોઈ, બિમારી વધી કે ઘટી તે સમજાય. ૬) MRI અલ્ટ્રાસાઉન્ડ (સોનોગ્રાફી) કરાવવાથી રોગની અસર સોજો કે સાંધાને કેટલું નુકશાન થયું તે ખબર પડે. (ક્રમશઃ)

## આચાર્યા ચંદનાજી



જૈનધર્મમાં આધુનિક સુધારા ઝુંબેશની સૌથી વિવાદાસ્પદ વ્યક્તિ જો કોઈ હોય તો તે છે આચાર્યા ચંદનાજી. ૧૯૩૭માં તેમનો જન્મ થયો. માતાપિતા માણેક અને પ્રેમે તેમનું ના શકુંતલા પાડ્યું હતું. ૧૪ વર્ષની વયે તેમણે આચાર્ય આનંદઋષિ પાસે દીક્ષા લીધી. 'ભગવાન મહાવીર પોતાની આધ્યાત્મિક પૂર્ણતાને વળગીને એકબાજુ બેસી રહ્યા નહોતા પણ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંતો દ્વારા **સમાજના પુનરુત્થાન** માટે તેમણે પોતાનું જીવન ન્યોચ્છાવર કરી દીધું હતું.' ભગવાનના જીવનની આ એક હકીકતથી ચંદનાજી અત્યંત પ્રભાવિત થઈ ગયાં. વાસ્તવમાં ભગવાન મહાવીરનો અહિંસાનો કેન્દ્રવર્તી સંદેશ એ જીવપ્રાણી માત્રની તથા માનવની સેવા માટે સહુને હાકલ કરે છે. તેથી ૧૯૭૨માં તેમણે સુધારાવાદી માનસ ધરાવતા ગુરુ અમરમુનિના એક સાધ્વીમંડળમાં જોડાવાનો નિર્ણય લીધો. અનેકાંતવાદના ખરા જુસ્સાથી તેમણે જૈન અને જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ ઝડપથી પૂરો કર્યો. તેમની આધ્યાત્મિક પ્રગતિને લક્ષમાં લઈને અમરમુનિએ ૧૯૮૬માં તેમની દર્શનાચાર્ય પદે અભિવૃદ્ધિ કરી.

ભગવાન મહાવીરનો સમાનતાનો સંદેશ પણ તેમને અત્યંત સ્પર્શી ગયો હતો. મહાવીર ભગવાનનો ચતુર્વિધ સંઘ સમાનતાના આધાર પર રચાયેલો હતો. અર્થાત્ તેમાં વર્ણ કે જાતિના કોઈ બંધનો નહોતાં. ભગવાન મહાવીરે ઊંચ કે નીચ વર્ણના હિંદુઓને, સ્ત્રી કે પુરુષ સૌને રાજખુશીથી આવકાર્યા હતા. કેવળ વિદ્વત્તા અને આધ્યાત્મિક ઉન્નતિના આધારે સાધુ-સાધ્વીઓનો પદક્રમ સ્થાપિત કર્યો હતો. સાધુ-સાધ્વીઓના સંઘમાં આચાર્ય તરીકે ભગવાન મહાવીરે સ્ત્રી તેમજ પુરુષ બંનેની નિમણૂંક કરી હતી. ભગવાન મહાવીરના સમય દરમિયાન તમામ સાધ્વીઓનાં આચાર્યા તરીકે ચંદનબાળા નામે એક સાધ્વી હતાં. પરંતુ સમય જતાં પુરુષપ્રધાન સમાજમાં જેમ અન્ય ધર્મમાં બન્યું હતું તેમ જૈનોમાં પણ સાધ્વીઓનો પદક્રમ સાધુઓના પદક્રમ કરતાં ગૌણ ગણાવા લાગ્યો. દિગંબર લેખક પ્રભાચંદ્રે તો એટલે હદ સુધી લખ્યું કે સ્ત્રીઓ સાચા અર્થમાં ક્યારેય જૈન બની શકે જ નહિ. પરંતુ તેમના સમકાલીન શ્વેતાંબર લેખક શાકત્યયાને આવા વલણનો સખત વિરોધ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે પુરુષની જેમ સ્ત્રીઓ પણ માનવસમાજના સમાન સભ્યો છે. તેથી સ્ત્રીઓ પણ મોક્ષ માટે અધિકારી અને સમર્થ છે. પરંતુ થોડા જ સમયમાં શ્વેતાંબરોએ પણ પિતૃવંશી વલણ જ સ્વીકાર્યું હતું. શ્વેતાંબરોના પદક્રમ પ્રમાણે કનિષ્ઠ સાધુ વરિષ્ઠ સાધુને વંદન કરે છે. પરંતુ મધ્યકાલીન શ્વેતાંબર આચાર્ય જિનદત્તસૂરીએ દેરાસરમાં મુખ્ય તીર્થંકરની મૂર્તિની પૂજા કરવા માટે સ્ત્રીઓ પર બંદી મૂકવાનો પ્રયાસ કર્યો. અને શ્વેતાંબર સંઘે આ નવા નિયમને સ્વીકારી લીધો. સાધ્વીને દીક્ષા લીધે ગમે તેટલાં વર્ષો થયા હોય અને તે ગમે તેટલાં વરિષ્ઠ પદે હોય તોપણ તેમણે નવોદિત સાધુને ફરજિયાત વંદન કરવાં પડે છે. આચાર્ય જિનદત્તસૂરીએ સાધુ-સાધ્વીઓનો સંઘમાં દરજ્જો દર્શાવતી પદવીની એક નવી યાદી તૈયાર કરી.

**સાધુ સંઘ :** ૧) સાધુ કે મુનિ ૨) ગણિવર્ય ૩) પંન્યાસ/પ્રર્વતક ૪) ઉપાધ્યાય ૫) આચાર્ય

**સાધ્વી સંઘ :** ૧) સાધ્વી કે ગણિની ૨) પ્રવર્તની અને ૩) મહત્તરા

તેથી કેવળ આચાર્યો જ 'સંઘના પ્રમુખ' તરીકે ઓળખાવા લાગ્યા. જો કે આખરે ગભારામાં જઈને તીર્થંકરોની મૂર્તિપૂજા કરવાની સ્ત્રીઓને છૂટ મળી. (જો કે દિગંબર પંથમાં હજી પણ સ્ત્રીઓને તેવા છૂટ નથી.) હકીકતમાં જૈન ઈતિહાસમાં બહુ લાંબા સમય સુધી માત્ર પુરુષોને જ સંઘના પ્રમુખ બનાવવામાં


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



**લગ્ન સંબંધી**

ગુજરાત સ્થિત ૧૯૮૨માં જન્મેલા, ઉચ્ચ શિક્ષિત, સંસ્કારી, દેખાવડા, વેલ સેટ્લ્ડ, નિર્દોષ ડીવોર્સી (લગ્ન સંબંધ ફક્ત ૨ (બે) મહીના) યુવક માટે યોગ્ય સંસ્કારી કુંવારી / ડીવોર્સી કન્યા ના કુટુંબીજનો સંપર્ક કરે.

**સંપર્ક : 087585 24087**

આવતા હતા એ બાબત યુવા સાધ્વી ચંદનાજીના ખ્યાલ બહાર નહોતી. કેવળ નામમાત્ર બની ગયેલ 'મહત્તરા' પદવીને બદલે 'આચાર્યા'ની પદવીને ધારણ કરીને ચંદનાજી અને તેમને પદવી આપનાર અમરમુનિજીએ એ પરંપરાને તોડી અને તેમણે ભગવાન મહાવીરના સમભાવના સંદેશની પુનઃસમીક્ષા કરવા માટે સમગ્ર જૈનસંઘને નિમંત્રણ આપ્યું. મહાવીર ભગવાનનો સાચો સંદેશ અને ઈતિહાસ તેમને પક્ષે હોવાથી આચાર્યા બનવું એ ચંદનાજીની કૃતનિશ્ચયતા અને જૈન પ્રથાને ખુલ્લો પડકાર હતો. આ તેમનું ગુણવૈશિષ્ઠ્ય આપણને તેમની લગભગ તમામ પ્રવૃત્તિમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

મહાવીર ભગવાનના જીવદયા સંદેશના મુદ્દા પર કાંઈક નક્કર કામ થવું જ જોઈએ એમ તેમને લાગ્યું. જૈનોના કર્મસિદ્ધાંત અને તપ માર્ગનું બહુ ખોટું અર્થઘટન થયું છે એમ તેઓ કહે છે. તમામ કર્મોમાંથી પોતાના આત્માને મુક્ત કરવા માટે શેષ જીવન સમર્પિત કરી દઈશ એવી વ્યક્તિગત વચનબદ્ધતા સાથે જૈનસાધુઓ મહાવ્રત લે છે. પરંતુ સારાં અને ખરાબ કર્મો જીવને કાર્મિક બંધન કરે છે તે વિધાનના આધારે મોટાભાગના સાધુઓ તેમના મહાવ્રતનું એવું અર્થઘટન કરે છે કે તેમણે તમામ અનાવશ્યક પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ. તેઓ શ્રાવકોને જીવદયા અને સમાજકાર્યની પ્રવૃત્તિમાં જોડાવાની સલાહ આપે છે પણ પોતે 'કર્મમાં આસક્તિ અને તેના ફળસ્વરૂપ કાર્મિક બંધન'ના પરિહાર્ય માટે તેવી પ્રવૃત્તિથી દૂર રહે છે. ભારત જેવા ગરીબ દેશમાં સામાજિક ન્યાય માટે ચાલતી પ્રવૃત્તિ પર આવાં અર્થઘટનોની ગંભીર નકારાત્મક અસર પડે છે. જૈન શ્રાવકો દેરાસરો માટે ઉદાર હાથે દાન આપે છે. તેમજ હૉસ્પિટલ, પાંજરાપોળ, શાળા, યાત્રાધામ વગેરે માટે આર્થિક સહાય પણ આપે છે. પરંતુ માનવતાવાદી પ્રવૃત્તિમાં સાધુઓ પ્રત્યક્ષપણે સામેલ ન થવાથી સ્વયંસેવક તરીકે માનવતાવાદી સેવા આપવાની સંસ્કૃતિનો વિકાસ જૈનસંઘમાં જોઈએ તેટલા પ્રમાણમાં થયો નથી.

આ વિષયની ગંભીરતાની આચાર્ય ચંદનાજીએ નોંધ લીધી. સમગ્ર વિશ્વમાં સામાજિક ન્યાય, માનવઅધિકાર અને પ્રાણી અધિકારના અર્થમાં અભિનવ અધ્યાત્મના વિચારનો વિકાસ થઈ રહ્યો છે તે હકીકતથી પણ તેઓ વાકેફ હતા. આ વિચાર તો મહાવીરજીએ ૨૫૦૦ વર્ષ પૂર્વે ઉપદેશ્યો હતો!

ચંદનાજી તેમના ગુરુને સમાજસેવાનાં કાર્યો હાથ ધરવા માટે સતત આગ્રહ કરતા રહ્યાં. ગુરુ ઉપાધ્યાય અમરમુનિજીએ બિહારના એક અવિકસિત વિસ્તારમાં જઈ ગરીબોને મદદ કરવાના એક અત્યંત મુશ્કેલ અને જોખમકારક માનવતાવાદી કાર્યની જવાબદારી ઉપાડવાની ૧૯૭૩માં ચંદનાજી અને અન્ય ચાર સાધ્વીઓને આજ્ઞા કરી. ૨૫૦૦ વર્ષ પૂર્વે બિહાર જૈનધર્મનું મુખ્ય મથક હતું. ચોવીસ પૈકી બાવીસ તીર્થંકરોએ એક સમયે આ ભૂમિ પર વિચરણ કર્યું હતું અને આ જ ભૂમિ પર તેમને મોક્ષ પ્રાપ્તિ થઈ હતી. આ ભૂમિમાં રાજગૃહી નામના સ્થાનકમાં ભગવાન મહાવીરે ચૌદ વર્ષ તપની આરાધના કરી અને લોકોને પ્રેમ, જીવદયા અને અહિંસાનો ઉપદેશ આપ્યો હતો. પણ આજે બિહારમાં જૈન કુટુંબો જૂજ છે. બિહાર સૌથી ગરીબ, અવિકસિત અને ખતરનાક પ્રદેશ ગણાય છે. એવી જોખમકારક પણ પવિત્ર ભૂમિમાં જઈને માનવસેવા કરવાનો આદેશ આ ચાર સાધ્વીઓને આપવામાં આવ્યો હતો. અને અહીં – બિહારના આ પવિત્ર પણ ખતરનાક રાજગૃહીમાં – આ સાધ્વીઓને 'વિરાયતન' નામની એક માનવતાવાદી સંસ્થા ઉભી કરવી હતી.

વિરાયતનની સ્થાપનાનાં શરૂઆતનાં વર્ષોમાં તેમને ખાસ સહાય મળી નહિ. ઊલટું સ્થાનિકો તરફથી તેમને ખૂબ વિરોધ સહન કરવો પડ્યો. એક નાનકડી કુટિરમાંથી તેમણે પોતાની પ્રવૃત્તિનો આરંભ કર્યો. શરૂઆતમાં ત્યાનાં લોકો તોડફોડ કરતા, લૂંટ ચલાવતા અને કુટિરની અંદર ઘૂસી બધું ફેંદી નાખતા. સાધ્વીઓનાં જીવનને પણ જોખમ હતું. પરંતુ આજે ત્રીસ વર્ષ બાદ આચાર્ય ચંદનાજી અને દસ સાધ્વીઓની સમર્પણભાવના અને મક્કમતાને કારણે એ નાનકડી કુટિરની વિરાયતન નામની વિરાટ સંસ્થામાં કાયાપાલટ થઈ ગઈ છે. આજે વિરાયતન એક અગ્રગણ્ય જૈન સામાજિક-ધાર્મિક સંસ્થા તરીકે ઊભી છે. ૨૦૦ પથારીની ક્ષમતા ધરાવતી નિઃશુલ્ક હૉસ્પિટલ, ઔષધાલયો, રાહતકેન્દ્રો, સંશોધન કેન્દ્રો અને શાળાઓ રાજગિર, ભુજ અને પૂનામાં વિરાયતન સંસ્થા હેઠળ ચાલે છે. ૨૦૦૧માં ગુજરાતમાં ભૂકંપ થયો ત્યારે આચાર્ય ચંદનાજી અને તેમની સાધ્વીઓ ત્યાં તત્કાળ હાજર થઈ ગયા. ત્યાં એક શાળા ખોલી. અને આશરે ૬૦૦૦ બાળકોને મફત ભોજન અને શિક્ષણ આપવાની શરૂઆત કરી.

આચાર્ય ચંદનાજી પોતે વિરાયતનના વહીવટ અને દેખરેખનું ધ્યાન રાખે છે. તેઓ સ્વયં એ પ્રવૃત્તિમાં સક્રિયપણે


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

જોડાયેલા છે એટલું જ નહિ પણ આ માનવતાવાદી કાર્યમાં સાધ્વી શિષ્યો કુશળતાપૂર્વક સેવા આપી શકે તે માટે તેમને તબીબી, ફિલસૂફી, બિઝનેસ મેનેજમેન્ટ જેવાં ક્ષેત્રમાં વ્યવસાયી તાલીમ લેવા પ્રોત્સાહન આપતા રહે છે. તેઓ દીક્ષિત સાધ્વીઓને ધર્મના તુલનાત્મક અભ્યાસ માટે અને વિદેશમાં જૈન કેન્દ્રોની સ્થાપના માટે પરદેશ પણ મોકલે છે. આફ્રિકા, યુરોપ અને અમેરિકામાં વસતા શિષ્યોને સામાજિક ન્યાય, શિક્ષણ અને આધ્યાત્મિક સિદ્ધિનો સંદેશ આપવા, અને માનવતાવાદી સેવામાં અને અન્ય પ્રવૃત્તિમાં જોડાવા માટે સતત પ્રેરણા આપવા આચાર્ય ચંદનાજી પોતે પણ સતત વિચરણ કરતાં રહે છે.

સમસ્યા એ છે કે સક્રિય વહીવટકારની ભૂમિકા અદા કરવામાં સાધ્વીઓ માટે કેટલાંક નડતરો રહેલાં છે. દા.ત. આર્થિક ભંડોળ ઊભું કરવું અને તેની યોગ્ય વ્યવસ્થા કરવી, સરકારી અમલદારો, ધંધાદારી વ્યવસાયીઓ તથા કાર્યકરો સાથે સતત સંપર્કમાં રહેવું, સારા સંબંધો જાળવી રાખવા અને વિદેશનો પ્રવાસ કરવા વગેરે સાધ્વીઓને કરવું પડે છે. આચાર્ય ચંદનાજીના આવા કાર્યોથી જૈન સમાજનાં કેટલાક જૂનવાણી અનુયાયીઓ નારાજ છે અને આ સાધ્વીઓ તેમના પાંચ મહાવ્રતમાંથી ગેરરસ્તે દોરવાઈ ગયાં છે એવી દૃષ્ટિથી તેમને જુએ છે. તેમની દૃઢ માન્યતા છે કે સાધુ-સાધ્વીઓ અને તપસ્વીઓએ શાસ્ત્રોનું અધ્યયન, ધ્યાન, કાર્મિક બંધનમાંથી મુક્તિ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિમાં જ સંપૂર્ણપણે કાર્યરત રહેવું જોઈએ. અન્ય કોઈ પણ પ્રવૃત્તિ જૈન નિદર્શિત આત્મશુદ્ધિના માર્ગને અનુસરવા માટે દર્શાવેલ વ્રતનિયમોમાંથી તેમને ગેરરસ્તે લઈ જાય છે.

આચાર્ય ચંદનાજીનાં દૈનિક કાર્યક્રમમાં શાસ્ત્રનું અધ્યયન અને ધ્યાન બંનેનો સમાવેશ છે પણ તેઓ જણાવે છે કે ભગવાન મહાવીરના અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહના સંદેશનો વ્યવહારમાં અમલ થાય એ જ સાચો અધ્યાત્મવાદ છે. તેઓ કહે છે કે તમામ તીર્થંકરોનું જીવન જ આ સંદેશનું જ્વલંત ઉદાહરણ છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમણે સમાજથી મોઢું ફેરવી લીધું નહોતું. સ્વસ્થ સામાજિક મૂલ્યોની સ્થાપના માટે તીર્થંકરોએ શેષજીવન સમર્પિત કરી દીધું હતું. સાચા અધ્યાત્મવાદની પુનર્ખોજ, માનવઅધિકાર અને તમામ જીવોના અધિકારના અર્થમાં અધાત્મવાદની નવી પરિભાષા આપવા માટે આજે એક વિશ્વવ્યાપી ચળવળ શરૂ થઈ છે. આચાર્ય ચંદનાજીના સુધારા પ્રયાસો આ સાંપ્રત વૈશ્વિક ચળવળની સમાંતર ચાલી રહ્યા છે. તેમની આ સુધારા ચળવળથી સમગ્ર વિશ્વમાં વિકાસશીલ ચિંતકો, ઝુંબેશકારો અને યુવાનો આકર્ષાયા છે. તે છતાં જૂનવાણી જૈનોનાં કડક આલોચના, વિરોધ અને ક્રોધ પણ ચાલુ રહ્યા છે. રાજગૃહી નજીક ગયા રેલ્વે સ્ટેશન પર કેટલાંક વિશાળ સંકેતચિહ્નો પ્રવાસીઓને ચેતવે છે:

**ચેતવણી - જોખમ :** આસપાસના વિસ્તારમાં નિરંકુશ અરાજકતાને લીધે પ્રવાસીઓને ચેતવણી આપવામાં આવે છે કે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી રેલ્વે સ્ટેશનના પરિસરને છોડીને બહાર જવું નહિ. તે ખતરનાક છે.

આવા જોખમકારક વિસ્તારમાં કામ કરવાની મુશ્કેલીઓ અને અન્ય જૈનો તરફથી કટુ ટીકાનો વારંવાર તેમને સામનો કરવો પડે છે. તે વિશે મેં આચાર્ય ચંદનાજીને પૂછ્યું ત્યારે ચહેરા પર સૌમ્ય સ્મિત સાથે ગુરૂદેવ અમરમુનિજી રચિત કાવ્યની એક પંક્તિ ટાંકી :

**'સુવાસ પાથરવા ધૂપસળીને સ્વયં બળવું પડે છે.**
**માર્ગ દર્શાવવા પથદર્શકને પણ સ્વયં બળવું જ પડે છે.'**

---

**ભુલ સુધાર :** પ્રકાશ સમીક્ષા અંક ૩૬માં સમાચાર વિભાગમાં છપાયેલ વરાડીયા નગરે પર્યુષણ પર્વની સાધર્મિક ભક્તિનો એક દિવસનો લાભ સૌ. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા, વરાડીયાએ લીધેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત ૫૧૮૦૧ મણ થયેલ. ભા.સુ. ૮ ના ચૈત્ય પરિપાટીમાં વરાડીયા, ડુમરા, દેઢિયા, બીદડા તથા ભૂજના જિનાલયોની સ્પર્શના થયેલ.

---

**ભુલ સુધાર :** અંક ૩૮માં (આજ અંકમાં) પાના નં. ૨ ઉપર ફોટો લાઈનમાં દિપ્તી ધરમશી ને બદલે દિપ્તી લોડાયા વાંચવું.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976


આડી ચાવીઓ
૧) ખા, ૨) ગેધર, ૩) ચપ, ૫) વેસધ, ૮) બરુકા, ૯) નવાડિયો, ૧૦) ત્રાંભડી, ૧૧) બઈ, ૧૨) બ, ૧૩) અભરો, ૧૫) ડો, ૧૬) છુ, ૧૭) ઠરઈ, ૨૦) મેં, ૨૧) પાંજા, ૨૨) સોંજ, ૨૩) સોકો, ૨૪) બોજાણ, ૨૫) સોજાર, ૨૬) બાકોરા, ૨૭) પીંનું, ૨૮) મોરી, ૨૯) ઢગો, ૩૦) થકો, ૩૨) હેકડો

ઊભી ચાવીઓ
૨) ગેરિયો, ૩) ચરુ, ૪) પકા, ૬) સનડી ૭) ધવા, ૮) બજઈ, ૧૦) ત્રાંસ, ૧૧) બરઈ, ૧૩) અચીજા, ૧૪) રોઠ, ૧૮) રયાણ, ૧૯) ભજર, ૨૧) પાંકોરા, ૨૨) સોંજા, ૨૩) સોકો, ૨૪) બોવારી, ૨૫) સોનું, ૨૬) બાયણ, ૨૭) પીંગોડો, ૨૮) મોજે, ૨૯) ઠક, ૩૧) કોરો

## કચ્છી કસબ - ૧૦૭



**રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**

### ઊભી ચાવીઓ

૨) ભમરડો (Top) (૩)
૩) જમીને થાળીમાં એઠા હાથ ધોવા (To Wash dirty hands after eating) (૨)
૪) લુચ્ચા માણસો (Shrewd People) (૨)
૬) પાતળી સ્ત્રી (Slip Women) (૩)
૭) દવા (Medicine) (૨)
૮) સ્ત્રીઓનું ઝગડવું (Quarrel in Female) (૩)
૧૦) કથરોટ (Very big plate with border) (૨)
૧૧) સ્ત્રીનું દાઝવું (Burn of Female) (૩)
૧૩) આવજો (Bye) (૩)
૧૪) કઠણ સ્વભાવના (Thick skinned person) (૨)
૧૮) ગપ્પા ગોષ્ટી કરવી (Chit-chating) (૨)
૧૯) તપખીર (Snuff) (૩)
૨૧) આપણી તરફ (On our side) (૩)
૨૨) સરખા (Proper) (૨)
૨૩) સુકું (Dry) (૨)
૨૪) ઝાડુ (Sweep) (૩)
૨૫) સુવર્ણ (Gold) (૨)
૨૬) બળતળ (Fuel) (૩)
૨૭) પારણું (Cradle) (૩)
૨૮) ગણવું (To Count) (૨)
૨૯) ઢાંકવું (To Cover it) (૨)
૩૧) શું (What) (૨)

### આડી ચાવીઓ

૧) ખાવું (To Eat) (૧)
૨) સ્નાયુઓનું ખેંચાણ (Cramp) (૩)
૩) હોઠ (Lips) (૨)
૫) અક્કલ વગરનું (Foolish) (૩)
૮) તાકતવાન માણસો (Powerful People) (૩)
૯) નવોસવો (Fresher) (૪)
૧૦) દુધ દોહવાનું સાધન (Vessel for Milking Cow) (૩)
૧૧) બીજી (Another) (૨)
૧૨) બે (Two) (૧)
૧૩) ખરાબ પુરુષ (Bad Man) (૩)
૧૫) દશ (Ten) (૧)
૧૬) અડવું (To Touch) (૧)
૧૭) શાંત થઈ (સ્ત્રી માટે) (Became Calm for Female) (૩)
૨૦) અંદર (Inside) (૧)
૨૧) આપણા (Ours) (૨)
૨૨) સગવડતા (Comfort) (૨)
૨૩) સુકું (Dry) (૨)
૨૪) જાણકાર (Expert) (૩)
૨૫) વિણવું (To Select) (૩)
૨૬) દીવાલમાં ગાબડાં (Holes in the Wall) (૩)
૨૭) મજબુત (Solid) (૨)
૨૮) સાકર વગરની ચા (Sugarless Tea) (૨)
૨૯) બળદ (Bullock) (૨)
૩૦) થાક્યો (Become Tired) (૨)
૩૨) એક (One) (૩)

**(ઉત્તર આજ અંકમાં પાના નં. ૧૦ ઉપર છપાયેલ છે.)**




**કે.ડી.ઓ. મહિલા ગૌરવ પન્નાબેન મોમાયા**

તાજેતરમાં જાપાનના પ્રધાનમંત્રીની ગુજરાતની મુલાકાત પ્રસંગે ACP પન્નાબેન મોમાયાએ જાપાનના પ્રધાનમંત્રીના પત્નીની સુરક્ષાની મહત્વપૂર્ણ જબાબદારી સંભાળી હતી.

કે.ડી.ઓ. નારી શક્તીના સક્ષમ પ્રતિનિધી એવા ACP પન્નાબેનને અભિનંદન.



## પરબ શક્તિ સંજીવની સોસોયટી

પરબ શક્તિ સંજીવની સોસાયટીનું એક દિવસીય 'જાગૃતિ અભિયાન' અત્યંત મહત્ત્વનું અને માહિતી સભર આયોજન સાબિત થયું. આ કાર્યક્રમ મુલુંડના આંગણે Friends Co-operative Education Society Hall માં શનિવાર, તા. ૯-૯-૨૦૧૭ના યોજાયો હતો. "House-Full" શ્રોતાગણ સમક્ષ આપણીજ જ્ઞાતિનાં બે સુપ્રસિધ્ધ નિષ્ણાતો C.A. શ્રી રાજીવ લુઠીયા અને સોલિસીટર સુશ્રી ઝરણા ખોનાએ દરેક પેઢીના પ્રેક્ષકોની ઉત્સુકતા સંતોષાય તે રીતે, ખુબજ સીમિત સમયમાં ઘણીજ ઉપયોગી જાણકારી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત બપોરે ૪.૩૦ વાગ્યે, હાય-ટી વડે થઈ. લગભગ અડધા-પોણા કલાકમાં અલ્પાહારના આસ્વાદ સાથે અનૌપચારિક આપ-લે કર્યા બાદ, ઉપસ્થિત મહેમાનો સભાગૃહમાં પહોંચ્યા. સેમિનારની ડોર સંભાળતા હર્ષા ધરમશીએ નવકાર ગાયન માટે રિતિકા લાપસીયાને આહવાન કર્યું. રિતિકાના સુમધુર કંઠે નવકાર મંત્ર ગવાઈ ચૂક્યા બાદ દિમી લોડાયાએ સ્વાગત સંબોધન કરી પરબનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. આ પછી સેમિનારના મુખ્ય દૌરની આરંભ કરતા હર્ષા ધરમશી એ પરબના આ અભિયાનના ઉદ્દેશ્યનો ચિતાર આપ્યો. અને સાથે સાથે રાજીવભાઈનો પરિચય કરાવતાં તેમની ઝળહળતી કારકિર્દીનું વર્ણન કર્યું. શ્રીમતી લીના કાયાણી એ શ્રી રાજીવ લુઠીયાનું સન્માન કર્યું.

રાજીવભાઈએ તેમના Power Packed Presentation માં નાણાકીય વ્યવસ્થાના બે અતિ મહત્વપૂર્ણ પાસા-બચત અને રોકાણની ખૂબ વ્યાપક ચર્ચા કરી. જીવનમાં નિયમિત બચત અને લાભપ્રદ રોકાણની આવશ્યકતાથી માંડીને તેના અનેક પરિમાણો, માપ દંડો અને તકોની ટકોરાબંધ વાત તેમણે કરી. બચત અને રોકાણના પ્રચલિત પ્રકારના તુલનાત્મક નફા-નુકસાનનો નકશો પણ રજુ કર્યો.

કાર્યક્રમના બીજા દૌરમાં શિલ્પા અજાણીએ આપણી જ્ઞાતિનાં ત્રીજા પેઢીના સોલિસીટર અને સર્વપ્રથમ કે.ડી.ઓ. મહિલા સોલિસીટર તરીકે સુશ્રી ઝરણા ખોનાને બિરદાવતા તેમની ૨૩ વર્ષની પ્રેક્ટીસનો પ્રેરણાદાયી પરિચય આપ્યો. શ્રીમતી પારૂલ મોતાએ ઝરણાબેનનું સન્માન કર્યું. વસિયતનામા જેવા સહુના જીવનના અતિ મહત્વના પ્રશ્ન પર ઝરણાબેને, ખૂબજ સરળ કચ્છી ભાષામાં, સહુને આસાનીથી સમજાય તે રીતે પોતાનું વક્તવ્ય આપ્યું. વીલની જરૂરિયાત, તેમાં આવરી લેવાના વિષયો, તેનાથી પ્રભાવિત થનારા પક્ષો, તેને બનાવવાની રીત અને વીલ બનાવવામાં રાખવી જરૂરી તેવી સાવધાની, આ સર્વ મુદ્દાઓ ઉપર તેમણે ઘણીજ સચોટ માહિતી આપી. ઝરણાબેનના વક્તવ્ય બાદ જસ્મીની શાહે સમગ્ર સેમિનારનો સારાંશ રજુ કર્યો તથા આભાર વિધિ સંપન્ન કરી.

સેમિનાર નિમિત્તે, નાણાકીય નિયોજન અને વસિયત લેખનમાં સહાયભૂત બને તેવી વક્તાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી Ready Reference Sheets શ્રોતાઓને આપવામાં આવી હતી. આ સાથે જે સુંદર ફોલ્ડર્સ વિતરીત કરવામાં આવ્યા હતા. તેમના માટે M/s. Invest and Rest ની અને શ્રી યશોધન કારાણીની, તેમના સહયોગ માટે પરબ આભારી છે.

## અરિહંત કો.ઓ. બેન્કની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ






તા. ૯-૯-૨૦૧૭ના રોજ વિષ્ણુદાસ ભાવે ઓડિટોરિયમ વાશી ખાતે અરિહંત બેંકની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. નવકાર મંત્રના ગાન સાથે સભાની શરૂઆત થઈ બેંકના ભૂતપૂર્વ ડાયરેક્ટર શ્રીમતી તરલાબેન ધુલ્લાને શ્રધ્ધાંજલિ આપવામાં આવી. શ્રી અનંતછાયા દાદાને ચેરમેન શ્રી હિરાચંદ દંડ દ્વારા શ્રી ગણેશજીને વાઈસ ચેરમેન શ્રી મુકેશ મૈશેરી દ્વારા તથા શ્રી નરશી નાથાની તસવીરને ડીરેક્ટર શ્રી ગુલાબ ધરમશીના હસ્તે માલ્યાર્પણ કરાયું. શ્રી રમેશ શાહ, શ્રી કૌશિક ઓઝા, શ્રી ધનેશ મોમાયા તથા અન્ય શેર હોલ્ડર્સના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

ચેરમેન હિરાચંદ દંડએ સૌ શેરહોલ્ડર્સને આવકાર્યા હતા. સી.ઇ.ઓ. શ્રી કિરણ પટેલે બેંકના રિપોર્ટસ અને મીનીટ્સનું વાંચન કર્યું હતું. શેર હોલ્ડર્સ દ્વારા પુછાયેલા અનેક પ્રશ્નોના ઉત્તર ચેરમેનશ્રીએ આપ્યા હતા. વાઈસ ચેરમેન શ્રી મુકેશ મૈશેરીએ આભારદર્શન કર્યું હતું.

## જડની બુદ્ધિ – કમલ લોડાયા, ચેન્નઈ

આપણી પાંચ ઈન્દ્રિયો છે. ઘણાં પ્રાણીઓ પણ જુદી-જુદી ઈન્દ્રિયો ધરાવે છે. કદાચ આપણને સ્પર્શથી ખબર પડે કે કોઈ મચ્છર એક હાથ ઉપર બેઠો છે. બીજો હાથ હલાવીને મચ્છરને ભગાડવાની કોશિશ કરીએ છે. મચ્છરને પણ દેખાય છે કે એની તરફ હાથ આવી રહ્યો છે. એ ઉડીને ભાગી જાય છે. આપણામાં અને મચ્છરમાં, બંનેને નસતંત્ર (Nervous System) છે જે મગજને જાણ કરાવે છે અને મગજ નસોથી સ્નાયુઓને આદેશ આપે છે.

અમુક ઝાડ કીટાણુલક્ષી (Wisecti Verans) હોય છે. દાખલા તરીકે વીનસ ફલાયટ્રેપ (Venus flytrap) ના ફૂલ પર ગાદી હોય છે. જ્યારે કોઈ ગાદી પર બેસે છે, એના સ્પર્શની ઝાડને ખબર પડે છે. જ્યારે એક-બે વખત સ્પર્શ થાય છે ત્યારે ફલાયટ્રેપનું છટકું બંધ થઈ જાય છે અને પછી ઝાડ જંતુને ''ખાઈ'' જાય છે.

પણ ઝાડને ખબર પડવું એટલે શું? આ સમાચાર કોને પહોંચાડાય છે? કોણ છટકું બંધ કરવાનો આદેશ આપે છે? આપણી પાસે તો મગજ છે. શું ઝાડને મગજ હશે?

મેક્સિકોમાં બર્સેરા (bursera) ઝાડ છે જે તેના અત્તર માટે જાણીતું છે. કોઈ પ્રાણી એના પાંદડા ખાવા જાય તો ઝાડ એની ઉપર તીવ્ર વાસવાળા ગુંદરિયા પ્રસાદની છાંટણી કરે છે, જેથી એ જનાવર ભાગી જાય છે. આ ગુંદરિયા પદાર્થનું ઉત્પાદન ઝાડના થળમાં થાય છે. ત્યાંથી એને પાંદડા સુધી મોકલવામાં આવે છે.

આફ્રીકા અને ઑસ્ટ્રેલિયામાં એકેશિયા (acacia) નામના ઝાડ થાય છે. જ્યારે કોઈ પ્રાણી એમને ખાવા જાય છે ત્યારે તે ટેનીન (tannin) નું ઉત્પાદન કરે છે. ટેનીનથી આપણા શરીરના કોષો સુકાઈ જાય છે. દાખલા તરીકે જાનવરની ચામડીમાંથી ચામડું (leather) બનાવવાની પ્રક્રિયામાં ટેનીન વપરાય છે. આ ટેનીનની વાસથી બાજુના એકેશિયા ઝાડો પણ ટેનીન બનાવવા માંડ છે એટલે આજુબાજુ એ જાનવરના બીજા મિત્રો પણ એકેશિયા ખાવા નીકળ્યા હોય તો તે બધાને લાગે કે આ કંઈ ખાવાલાયક ઝાડ નથી.

ચીનમાં એક પ્રકારનું ઓર્કિડ (orchid) ફૂલ છે જેનું નામ છે ડેન્ડ્રોબિયમ (dendrobium). જો એની પાસે કોઈ ભ્રમર (hornet) ફરતો હોય તો તે એક ફેરોમોન (pheromone) બનાવે છે. આપણા શરીરમાં હોર્મોન (hormone) બને છે તેમ જ મધમાખીને જ્યારે ચેતાવણી આપવી હોય ત્યારે તે એ ફેરોમોન વાપરે છે. ભ્રમર પોતાના ઈયળ (larva) ને મધમાખી ખવડાવે છે. આ ફેરોમોનની વાસ આવે છે એટલે તે ફૂલમાં મધમાખી છે એમ સમજી ત્રાટકે છે, પણ એને મધમાખી મળતી નથી. પણ જ્યારે ભ્રમર આવા એક ફૂલથી બીજા ફૂલ પર જાય છે ત્યારે પુષ્પપરાગ પણ એક ફૂલથી બીજા ફૂલ સુધી જાય છે અને આમ આ ઓર્કિડના વૃક્ષનું પ્રજનન વધે છે. આ બધા દાખલાઓથી સ્પષ્ટ થાય છે કે વૃક્ષોને પણ ઈન્દ્રિયો હોય છે. આપણી તો ફક્ત પાંચ પ્રકારની ઈન્દ્રિયો છે. આચાર્ય જગદીશચંદ્ર બસુએ ૧૯મી સદીમાં દેખાડ્યું કે ઝાડમાં પણ ઈન્દ્રિયો છે, અને આજે વીસેક ઈન્દ્રિયોની આપણને ખબર છે. અમુક ઝાડ હવામાં ભેજ પારખી શકે છે, અમુક ઝાડ વીજળી પારખી શકે છે. અમુકને ગુરૂત્ત્વાકર્ષણની ખબર છે.

આજ સુધી કોઈને ખબર નથી કે ઝાડમાં નસતંત્ર કે મસ્તિષ્ક છે કે નહીં. ઉપરના દાખલાઓથી આપણને લાગે છે કે પોતાની જ્ઞાનેન્દ્રિયોથી ઝાડ પ્રતિકાર આપે છે, પણ આ કેવી રીતે થાય છે તે હજી સંશોધનનો વિષય છે.

આ બાબત પર લગભગ પ્રથમ લખાણ આપણને ચાર્લ્સ ડાર્વિન પાસેથી મળે છે. ડાર્વિને જોયું કે ઝાડના જડની ધાર (root tip) કોઈ નીચલા પ્રાણીના મગજ જેવું કામ કરે છે. ૨૦૦૯માં ઈટાલીના સ્ટેફાનો માનકુસોએ જોયું કે વૃક્ષની જડધારમાં બિલકુલ એવા જ (electrochemical) સિગ્નલ (સંકેતો) વપરાય છે જેવા આપણા મગજના ન્યૂરોન (nuron) કોષો વાપરે છે. એટલે કે ઝાડની બુદ્ધિ એના જડોની ધારમાં હોઈ શકે.

પણ આપણું તો એક જ મગજ છે, ઝાડની તો હજારો જડ હશે અને લાખો જડધાર હશે. માનકુસોનો વિચાર છે કે આપણે ઝાડને એક પ્રાણીને બદલે પ્રાણીઓની એક કૉલોની (colony) તરીકે વિચારીએ. જો ઝાડને એક જ મગજ હોત તો તેની અચળતાને કારણે કોઈ પણ જનાવર એને ખાઈને ઝાડને ખલાસ કરી નાખત. પણ ઝાડની રચના એવી છે કે એના ''શરીર''નું ઘણુખરું ભાગ ખરી પડે, એના ''મગજ''નું ૬૦ ટકા ભાગ તોડવામાં આવે તો પણ એ મરતું નથી, એ પાછું સૂર્યથી પોતાનો ''ખોરાક'' લઈ પહેલા જેવી સ્થિતિમાં આવી શકે છે. એટલે જ ઝાડો સદિયો સુધી જીવે છે. ઝાડને મગજ નથી, તે એટલા માટે નહીં કે ઝડની પાસે બુદ્ધિ નથી, પણ કારણકે એક મગજમાં બુદ્ધિ રાખવી ઝાડ માટે નિર્બળતા છે.

આપણી દુનિયામાં એક જ દેશ છે જેણે (સન ૨૦૦૮થી) ઝાડોને અધિકાર આપ્યા છે, તે છે સ્વિટઝરલેન્ડ. સ્વિસ નાગરીકની ફરજ છે કે તે ઝાડના અધિકારોનો બચાવ કરે. આપણા દેશમાં વાઘ ઓછા થાય છે એની ઘણા જણને ચિંતા છે કારણ કે આપણે વાઘને બચાવવા માગીએ છીએ. પણ જેમ આપણા શહેરો વધે છે તેમ ઝાડની જાતિયો પણ ઓછી થતી જાય છે. તેની ચિંતા કરવાનું શરૂ કરીએ.

***

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**શ્રી ક.દ.ઓ. જૈન સંયુક્ત મહાજન રાયચુર (કર્નાટક)**

ભગવાન શ્રી સુમતિનાથ - શાંતિનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક સંઘ (દેરાસર)માં તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય શ્રી સર્વોદય સાગરના શિષ્ય પૂ. જગવલ્લભ સાગર મ.સા.ની નિશ્રામાં આ વર્ષે પર્વાધિરાજ પર્વ પર્યુષણ બહુજ સારી રીતે ઉજવાયા છે. અચલગચ્છ ના મ.સા.નું ચોમાસાનો ૩૩ વર્ષ પછી લાભ મળ્યું મ.સા.ની નિશ્રામાં સુંદર પ્રવચન નવા-નવા પ્રશ્ન પેપર, રવિવારના રમત-ગમત તેમજ જોરદાર તપસ્યા જેવી કે વીર ગણધર તપ ૩૩ જણ, પંચ પરમેષ્ઠિ તપ ૩૭ જણ, ૧૧ ઉપવાસ ૩ જણ, ૯ ઉપવાસ ૨ જણ, ૮ ઉપવાસ ૨ જણ, પાંચ ઉપવાસ તેમજ અઠ્ઠમ અને છઠ્ઠ તપ વાળા ઘણા તપસ્વી હતા. રોજના સળંગ આયંબિલ તપ ચાલુ છે. ઉપરોક્ત તપસ્યામાં તપાગચ્છ, અચલગચ્છ અને ખરતર ગચ્છ બધા એ સમૂહમાં કરેલ છે. પર્વ દરમ્યાન કુલ ઘૃત મણ ૩,૫૯,૪૧૨ થયેલ છે.

શ્રી ક.દ.ઓ. સંયુક્ત મહાજન તરફથી ૨૭-૮-૨૦૧૭ રવિવારના સામૂહિક ક્ષમાપનાનો કાર્યક્રમ યોજાયેલ. જેમાં વાર્ષિક મિટીંગ, ચૂંટણી, રમત-ગમત, આરતી ની થાળી પ્રતિયોગિતા તેમજ સરસ વેશભૂષાને પારિતોષિક આપી બહુમાન કરવામાં આવ્યા. તપસ્વીઓનું બહુમાન તેમજ સારા ગુણાંક મેળવી પાસ થનાર ને સ્વ. શ્રી જીવરાજભાઈ મુલજી દેસાઈ પરિવાર તરફથી ભેટ આપવામાં આવી. કચ્છીઓ માં ૯ ઉપવાસ ચિ. રીતેશ મુલચંદ ગડા તેમજ ૮ ઉપવાસ અ.સૌ. અંજનાબેન રાજેશભાઈ દેસાઈએ કરેલ. બી.કોમમાં ચિ. હર્ષિત કાંતિલાલ ગડા પ્રથમ વર્ગમાં પાસ થયા છે.

આગામી ત્રણ વર્ષ માટે ચૂંટણી કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ શ્રી રાજેશભાઈ ઉમરશી દેસાઈ, મંત્રી શ્રી સંજય રાયચંદભાઈ ગડા, ખજાનચી શ્રીકાંતભાઈ ખકીમચંદ લોડાયા, સૌ. કલ્પનાબેન કાંતીલાલ ગડા તેમજ સૌ. પૂર્ણીમાબેન હંસકુમાર લોડાયા મહાકાળી માતાજીની ભાવના શ્રી કુંવરજી શીવજી મોમાયા તરફથી રાખવામાં આવેલ.

રમત ગમત અ.સૌ. ટીનાબેન ગીરીશ દેસાઈ તથા અ.સૌ. ગુણવંતીબેન કુંવરજી મોમાયાએ રમાડેલ. સાંજના ચોવિહારની વ્યવસ્થા શ્રી ક.દ.ઓ. મહાજન તરફથી સકળ મૂર્તિપૂજક સંઘ માટે રાખવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સુરત**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સુરતના આઠમા વર્ષનો સ્નેહમિલનનો પ્રોગ્રામ ૧૦-૯-૨૦૧૭ના ભટાર રોડની પીટીટ પોઈન્ટ હૉટલના એ.સી. હોલમાં યોજાયેલ. જેમાં તપસ્વી બહુમાન કરેલ જેના સહયોગી દાતા માતુશ્રી જયશ્રીબેન જેઠાલાલ ખોના પરિવાર તથા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરેલ. જેના સહયોગી દાતા માતુશ્રી લક્ષ્મીબેન વીશનજી છેડા પરિવાર લાભ લીધેલ. શ્રીમતી શ્રુતીબેન, શ્રીમતી નમીતાબેન તથા શ્રીમતી તોરલબેને કપલ ગેમ રમાડેલ. પ્રમુખશ્રી ગુલાબચંદ હીરજી છેડા પરિવાર તરફથી ત્રણ લકી ડ્રો રાખવામાં આવેલ. અંતે આભાર વીધી બાદ સહુ ભોજન લઈ છુટા પડ્યા. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી પ્રવીણભાઈ ધરમશીએ કરલે. ૭૫ સભ્યોની હાજરી રહેલ.

**વર્ધમાનનગર - કચ્છ થી દેવલાલીની ચૈત્યપરિપાટી**

પૂ. સાધ્વીશ્રી દિવ્યાકિરણાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા.ની શુભ પ્રેરણાથી ગુરૂવંદનાર્થે વર્ધમાનનગર-કચ્છ થી દેવલાલીની ચૈત્યપરિપાટી યોજાઈ હતી. મુખ્યદાતા ચિંતલભાઈ એ. વોરા રહ્યા હતા. તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૮૬માં જન્મદિન ઉજવણીનો કાર્યક્રમ માણી સૌએ ગુરૂદેવને ભાવપૂર્વક વંદન કર્યા હતા. ધર્મચક્ર નાશિક, ઓમકાર તીર્થ વડોદરા, સાતપુરા, સુમેરૂ તીર્થ, અણસ્તુ તીર્થ, બલેશ્વર તીર્થ, મણીલક્ષ્મી તીર્થની સૌએ યાત્રા કરી હતી. કરજણ પાંજરાપોળ તથા તપોવન નવસારીની મુલાકાત લીધી હતી. યાત્રાસંઘને સફળ બનાવવા પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, દિલીપ મોતા તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. વડોદરા કે.ડી.ઓ. નગર મધ્યે ક.દ.ઓ. જૈન મહાજન વડોદરા દ્વારા સંઘનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.એ પ્રાસંગિક પ્રેરણાદાયી પ્રવચન આપેલ.

**સાંધાણ તીર્થ - પર્યુષણ પર્વ ઉજવાયો**

સાંધાણ ગામે સંઘ રૂપે ૪૦ જણા પધારતાં સ્થાનિકો સહીત લગભગ ૫૫ સભ્યોએ પર્વની આરાધનામાં ભાગ

લીધો. પર્યુષણ પર્વની આરાધનામય ઉજવણી શ્રી આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ તરફથી આવેલ આરાધક બહેનો ૧) લક્ષ્મીબેન લાલજી ધરમશી (કોઠારા - ચીંચબંદર) તથા ૨) લક્ષ્મીબેન ધનજી દેઢીયા (કોકલીયા-સાયન કોલીવાડા)ની નિશ્રામાં રૂડી રીતે આનંદથી કરવામાં આવી. શ્રી કલ્પસૂત્ર (પોથી) ૩૫૦૧ મણમાં માતુશ્રી સોનલબેન કુલીનકાંત પટેલ પરિવારે પધરાવેલ. સ્વપ્ન દર્શનમાં મહાલક્ષ્મી માતા શા. લખમશી દેવશી ચુરલા પરિવારે ૨૧૦૦૧ મણમાં ઝુલાવેલ તથા ૧૫૦૦૧ મણમાં પધરાવેલ. સ્વપ્ન વહાણ માતુશ્રી સોનલબેન કુલીનકાંત પટેલ પરિવારે ૧૧૦૦૧ મણમાં જુલાવેલ તથા ૨૩૦૦૧ મણમાં પધરાવેલ. પ્રભુજીનું પારણું ૨૨૦૦ મણમાં મા. લક્ષ્મીબેન લાલજી ધરમશી પરિવારે ઝુલાવેલ તથા ૩૧૦૧ મણમાં શ્રી પદમશી રતનશી શાંયા પરિવાર - સુજાપુરવાળાએ પધરાવેલ. પર્યુષણ પર્વનું કુલ ઘૃત ૧૬૮૫૫૨ મણ તથા સ્વપ્નનું કુલ ઘૃત ૧૪૬૯૯૮ મણ થયેલ હતું. સાંધાણમાં આધુનિક સગવડતાવાળુ અતિથીગૃહ તથા કાયમી ભોજનશાળા ચાલુ છે. શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી નવટુંક જિનાલય ૧૬૪ વર્ષ પ્રાચીન છે. જેનો જિર્ણોધ્ધાર કરવાનો ટ્રસ્ટ બોર્ડે નિર્ણય કર્યો છે.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ અત્રે આ વર્ષે પર્યુષણ પર્વ બહુજ રૂડી રીતે ઉજવાયો. આ વર્ષે કલ્પસૂત્ર ૬૬૬ મણમાં શ્રીમતી ગુણવંતીબાઈ પ્રવિણચંદ લુઠીયાએ લીધેલ. પ્રભુજીનું પારણે પધરાવાનો ચડાવેલ ૭૭૭૭ મણમાં શ્રી હિરેન શામજી નાગડાએ લીધેલ. સ્વપ્નનું કુલ ઘૃત મણ ૧૨૨૨૨૨ થયેલ. ભાદરવા સુદ છઠનો સમૂહ ક્ષમાપના દિવસે પ્રાતઃ સ્મરણીય શેઠશ્રી નરશીનાથાનો છબીને ફુલહાર પહેરાવાનો ચઢાવો રૂા. ૮૦૦૧ માતુશ્રી શ્રીમતી કમલબાઈ કલ્યાણજી ધરમશીએ લીધેલ. ૪૮ દિવસના ભક્તામર તપના આયોજનમાં ૪૪ જણ જોડાયેલ.

આ વર્ષે તપશ્ચર્યામાં ૧૬ ઉપવાસ ૧ જણ ૧૧ ઉપવાસ, ૧ જણ ૯ ઉપવાસ, ૧ જણ તથા ૮ ઉપવાસ ૭ જણે કરેલ. રાતે ભક્તિભાવના તથા સાંસ્કૃતિક કાર્યક્રમાં ભાઈ-બહેનોએ સારી રમઝટ રમાવેલ.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

આ વર્ષે પર્યુષણ પર્વ ધામધૂમથી મનાવવામાં આવ્યો. વ્યાખ્યાન માટે શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠ, મુંબઈથી બે શ્રાવિકા બેન ભાનુમતિ માલદે, દક્ષાબેન પાસડ પધારેલ.

કલ્પસૂત્ર - શ્રી લક્ષ્મીચંદ મુરજી દંડ અને પારણાજી - શ્રી મેઘજી લીલાધર નાગડા પરિવારે પધરાવેલ. સ્વપ્નનું કુલ ઘૃત મણ ૧૭૫૫૮ અને પર્વ દરમ્યાન કુલ ઘૃત મણ ૨૩૦૦૦ થયેલ.

### સાંધવ ગામે પર્યુષણ પર્વ

સાંધવ ગામે પર્વ દરમિયાન કુમારપાળ રાજા બનાવવાનું લાભ શ્રી પ્રતાપ જીવરાજ ખોના અમલનેર પરિવારે લીધેલ. ચોથના દિવસે સમૂહ સાંજી રાખવામાં આવેલ. તપસ્વીઓ તેમજ દાતા પરિવાર, પુજારી વગેરેનું બહુમાન કરવામાં આવેલ. આઠ દિવસ પ્રભુજીની આંગી શ્રી દામજી નરશી દંડ અને કસ્તુરીબેન લાલજી પટેલએ લાભ લીધેલ. ભક્તામર લક્કી ડ્રો, પ્રભાવનાઓ દરેક દાતાશ્રીઓ એ લાભ લીધેલ. ૨૨૫ જણની સંખ્યામાં આરાધકો ગામે ગામથી પધારેલ.

પર્વ દરમિયાન સાંધવ આરાધના કરવા આવેલ તેમને તા. ૬-૧૦ થી ૯-૧૦ સુધી પાલીતાણા જાત્રા યજ્ઞા જયેશ લોડાયાના અઠાઈ નિમિત્તે માતુશ્રી રચીલાબેન માણેકજી લોડાયા પરિવારે લાભ લીધેલ છે.

### કચ્છ પરજાઉ જૈન મહાજન પર્યુષણ પર્વ

આ વર્ષ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની શીતલ છાયામાં પર્યુષણ પર્વ હર્ષોઉલ્લાસ સાથે ઉજવાયો મુંબઈ - અમદાવાદ તથા અન્ય સ્થળેથી પરજાઉવાસીઓ બહોળી સંખ્યામાં પધારેલ. કલ્પસૂત્ર ઘરે પધરાવવાનો લાભ શા. જયચંદ હંસરાજ લાલકા પરિવાર હસ્તે શા. તુષારભાઈએ ઘૃતમણ ૫૨૫માં લીધેલ તથા પારણું ઘૃતમણ ૧૦૧ માં શ્રી પરજાઉ મહિલા મંડળએ લીધેલ સ્વપ્નાનું ઘૃતમણ ૪૨૫૭૫ તથા કુલ ઘૃત મણ ૫૦૦૦૦ મણ થયેલ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી ૧) ધનવંતીબેન નરશીભાઈ નાગડા તથા ૨) સુંદરબેન ધનજીભાઈ નાગડા બે બહેનો આવેલ જેમણે ખૂબજ સરસ આરાધના કરાવેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, સુથરી

સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ પર્વની ૬૦ જણની હાજરીમાં સુંદર આરાધના થયેલ. પર્વ દરમ્યાન ત્રણ ભાગ્યશાળીઓએ અઢ્ઢાઈ તપની આરાધના કરેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત મણ ૯૪૦૦૦ થયેલ. કલ્પસૂત્ર માતુશ્રી જવેરીબાઈ શામજી ખીયશી દંડ પરિવાર તથા પારણું માતુશ્રી કસ્તુરીબાઈ નવિનચંદ્ર લોડાયા હાલ ખરગોન વાલાએ લાભ લીધેલ.

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર

૧) ૧૮-૮-૨૦૧૭ ને શુક્રવારના શ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી મુલચંદ રતનશી શીયાળ (જખૌ) હસ્તે

ભરતભાઈ તરફથી રાખવામાં આવેલ. તેમાં સારી સંખ્યા એ લાભ લીધેલ. ભાવનામાં નીલમબેન દંડ, નુતનબેન, પ્રીતીબેન તથા જયંતભાઈ, શામજીભાઈ, ઉદયભાઈ, મનીશભાઈ તથા લીતેશભાઈ, યશ લોડાયા સારી રમઝટ જમાવેલ.

૨) ૨૮-૮-૨૦૧૭ ના રાત્રે ૯.૦૦ શ્રી મહાકાળી માતાજીની ભાવના માતુશ્રી ચંદનબેન શાંતીલાલ વાલજી મોમાયા પરિવાર (ગાંધીધામ-સાંયરા) વાલા તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં નીલમબેન દંડ, નુતનબેન, મીનાબેન, પ્રીતીબેન કુરૂવા તથા પ્રેમચંદભાઈ મોમાયા, જયંતભાઈ, પ્રદીપભાઈ ખોના, ઉદયભાઈ તથા ચાંદનીબેન છેડાએ સારી એવી રમઝટ જમાવેલ. યશ લોડાયા, ઉદયભાઈ મુનવર તથા અખીલ લોડાયા. હારમીયમની તથા ચંદ્રીકાબેન તથા નીશી મોમાયાએ ચામરથી રમઝટ જમાવેલ.

૩) ૩૦-૮-૨૦૧૭ના અ.સૌ. ભાવિકા હિમાંશુ નાગડાના સીમંત પ્રસંગે શ્રી કાંતીલાલ કલ્યાણજી નાગડા તરફથી શ્રી મહાકાળી માતાજીની ભાવના રાખવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઈ મોમાયા, જયંતભાઈ, ઉદયભાઈ, લીતેશભાઈ, તથા કાંતીલાલભાઈ લાલકા, નીલમબેન દંડ, પ્રીતીબેન તથા બહેનો એ સારી રમઝટ જમાવેલ.

**શ્રી પદ્મ મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)**

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સફળતા પૂર્વક ચાલી રહ્યા છે.

દર બુધવારના ચાલીસગામ તથા દર શનિવારે પાચોરા મધ્યે ગરીબોને ભોજન કરાવવામાં આવે છે. ચાલીસગામમાં મતિમંદ વિદ્યાલયમાં પણ ભોજન આપવામાં આવે છે. જેના કાયમી દાતાઓના નામઃ-

૧) એક સદ્‌ગૃહસ્થ (મુલુન્ડ), ૨) રતીલાલ વાલજી લોડાયા (મુલુન્ડ), ૩) માતુશ્રી સોનબાઈ ધારશી, જયંતિલાલ ધારશી વિકમશીના સ્મરણાર્થે (હસ્તે ઈંદિરાબેન વિકમશી-ઘાટકોપર), ૪) પદમશી હિરજી મોમાયા (હસ્તે ઈંદુમતી હિરજી મોમાયા-હુબલી), ૫) શ્રીમતી તારાબેન કિશોરભાઈ જીવરાજ સાંયા (ભુજ), ૬) હરીશ મુલજી મોમાયા (કોપર), ૭) મહેન્દ્રભાઈ લાલજી લાપસિયા (હસ્તે પુષ્પા મહેન્દ્ર લાપસિયા - સાંતાક્રુઝ), ૮) અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર (ધુલિયા), ૯) ઉમરશી શામજી મેપાણી (હસ્તે સરોજ પ્રદીપ મેપાણી, પારુલ યોગેશ ધુલ્લા - વડાલા), ૧૦) સ્વ. સૌ. દેવિકાબેન સોમચંદ ભાણજી લાલકા (અમલનેર), ૧૧) ચંદનબાઈ નરશી કેશવજી મૈશેરી (ચાલીસગામ), ૧૨) રુતાનશુ કિંઝલ ઝવેરી (મુંબઈ), ૧૩) અચલગચ્છ મહિલા મંડળ (ધુલિયા), ૧૪) અ.સૌ. વીણાબેન ચંદુલાલ નાગડા (હસ્તે ચંદુલાલ પુનશી નાગડા - મસ્જિદબંદર)

**એક દિવસ માટે ભોજન કરાવનારા દાતાઓના નામ**

૧) નિર્મલાબેન નેમીચંદ નાગડા (૨) નેમીચંદ પદમશી નાગડા, દહીસર હસ્તે વિજયભાઈ (૧૨ મહિના જમણ), ૨) સૌ. લેખાબેન સુશિલ સોની, હસ્તે લેખાબેન સોની, પુના, ૩) નિલેશ ગુલાબચંદ દંડ હુબલી હસ્તે લેખાબેન સોની, પુના ૪) હિતાર દર્શન લાલકા, વાપી, ૫) મેગજી જીવરાજ લોડાયા, પાચોરા હસ્તે ચંદ્રકાંત મેગજી લોડાયા, ૬) ગુલાબચંદ વેલજી દંડ, હુબલી હસ્તે લેખાબેન સોની, ૭) કાન્તાબાઈ પ્રતાપ લોડાયા, પાચોરા હસ્તે ગીરીશ પ્રતાપ લોડાયા, ૮) હરેશ પદમશી શિયાળ, પાચોરા, ૯) નવિનચંદ્ર હિરજી સોની ભુજ હસ્તે સૌ. રચના મહુલ સોની

**એક દિવસ માટે ભોજન કરાવનારા દાતાઓના નામ**

૧) હિતેશ ભવાનજી લોડાયા, ચાલીસગામ હસ્તે સૌ. દિપાબેન, ૨) ગીરીશ પ્રતાપ લોડાયા, પાચોરા હસ્તે ગીરીશભાઈ, ૩) ચિ. તેજ કુણાલ મોતા, અંધેરી હસ્તે હંસિકા કુણાલ મોતા, ૪) સૌ. હંસિકા કુણાલ મોતા, અંધેરી, ૫) સૌ. હંસાબેન અનિલ મોતા, અંધેરી, ૬) ચંદ્રકાંતભાઈ મેગજી લોડાયા, પાચોરા હસ્તે ચંદ્રકાંતભાઈ

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

કિડની, લીવર, સ્કિન, થાઈરોઈડ તથા અન્ય રોગ માટે શનિવાર તા. ૩૦-૦૯-૨૦૧૭ના બપોરના ૨ વાગ્યાથી બપોરના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૦૧-૧૦-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

હાડકા માટે શનિવાર, તા. ૩૦-૦૯-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## Shri Kutchhi Dasa Oswal Jain Gnati Vasti Patrak Samiti (KDOVP)

**Shri Kutchhi Dasa Oswal Jain Gnati Vasti Patrak Samiti (KDOVP)** is pleased to inform you that we are in the final stage of releasing **8th Vasti Patrak** and hence we appeal you to **Update Your Family Data** at the earliest. For your convenience, Village wise data to be printed has been summarised and uploaded on Cloud and to access the same kindly refer **" Index File "** (PDF) link of which is available on **www.kdovp.com** OR under **"Contact Us"** Tab in **KDOVP Android/iOS Application.** Kindly click on your Native Place and search for your above mentioned VP No. in the Database opened (PDF File). You will be able to see data of all Alive Family Members which needs to be verified and corrected wherever required.

**Points to Note:**

1. **www.kdovp.com / KDOVP Android & iOS Applications -** True Digital Platform created BY Community, FOR Community and OF Community, where Only & Only Our Community Members have entry and access to information. Members need not worry about Data Security as Your Data is **Fully Visible only to your close relatives** and **Partially (Need to know basis) visible to Others.** In case you are yet to Install App / Register / Have Forgotten Password / Wish to Change Email ID then kindly refer Help File available on **www.kdovp.com** OR under **"Contact Us"** Tab in **KDOVP Android/iOS Application .**

2. KDOVP is proposing to publish Regular VP Books, Address Book and Eligible Marriageable Candidate Book and hence members are requested to update all relevant details as visible in your / family member's profile.

3. Any Change in the Data can be requested ONLY AND ONLY through "Change Request" Option available on www.kdovp.com / KDOVP Android App. Before submitting "Change Request" we suggest you to refer Change Request Help File available on **www.kdovp.com** OR under **"Contact Us"** Tab in **KDOVP Android/iOS Application** so as to avoid errors and get the changes processed in timely manner. IT Team will not entertain any Change Request received via any other mode except through "Change Request" mode mentioned above.

4. As our Current Priority is to publish VP in book form, will be giving priorities on following "Change Requests" submitted by our community members.

* Full name * Official Surname * Nick Name * Address of residence * Education % * Education * Date of Birth / Death / Marriage * Telephone numbers * Marriage related Details * Occupation (Note: % Education - All those who are students should update their current standard in which they are studying. Rest need to update last exam passed. Non metric or Non graduate will be considered as wrong entry.)

5. "Change Request" should be submitted latest by 15 th October 2017 so that IT Team can verify and approve requests at the earliest. Data as available on the cut-off date would be considered as Final for Printing.

6. In case you are still facing any issue after following above instructions then kindly contact KDOVP IT Team on Email : kdovasti@gmail.com / WhatsApp : **+91 91677 33603** / Twitter : **https://twitter.com/kdovp.** We will be more then happy to assist you and get your queries resolved.

### જ્ઞાતિનું ૮મું વસ્તિપત્રક વેબસાઇડ પર

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વ.પ. સમિતીની એક ખાસ સભા રવિવાર, ૧૦-૯-૨૦૧૭ના બાલમંદિર, અનંત નિવાસ ખાતે મળી હતી.

પ્રમુખશ્રી ખુશાલચંદ ધરમશીએ શ્રી કિરીટ મુનવરની સહાયથી જ્ઞાતિનું ૮મું વ.પ. ઓનલાઈન મુક્યું હતું. આ દરમ્યાન જ્ઞાતિજનો પર KDOVP.Com પોતાનું નામ રજિસ્ટર કરી પોતાના કુટુંબના સર્વે જણના જન્મ/સગપણ/લગ્ન/છુટાછેડા/અભ્યાસ/ધંધો/સરનામું તથા ટેલિ ફોન નં/ફોટો વગેરેમાં સુધારા કરી શકશે. દરેક ગામના મહાજનો તેમના કાર્ય ક્ષેત્રમાં રહેતા જ્ઞાતિજનોના કુટુંબમાં સુધારા કરવા યંત્રણા ગોઠવીને સહાય કરે. કે જેથી આપણે ૩ મહિનામાં ક્ષતિ રહિત વ.પ. બહાર પાડી શકીએ.

સુધારા સાથેનું વ.પ. જાન્યુ. ૨૦૧૮માં પ્રીંટીગમાં જશે અને મે/જૂન ૨૦૧૮ માં વિધિવત ઉદ્‌ઘાટન સાથે બહાર પડાશે.

૮માં વ.પ. ના પ્રકાશન માટે શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી તરફથી રૂા. ૩૧ લાખનું દાન જાહેર કરાયેલ છે. વ.પ. છાપવાનો ખર્ચ વધુ આવે એમ હોવાથી જ્ઞાતિજનો/મહાજનો જા.ખ. આપી સહાય કરે.

### રાષ્ટ્રીય લોક અદાલતમાં સેવા આપી

૯મી સપ્ટેમ્બર ૨૦૧૭ના સમગ્ર ભારત દેશમાં રાષ્ટ્રીય લોક-અદાલત યોજાઈ હતી. આ લોક અદાલતમાં કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં પેરાલીગલ વોલીન્ટીયર શ્રી પ્રબોધ મુનવરે ભુજ મધ્યે યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતમાં મધ્યસ્થી તરીકે સેવાઓ આપી હતી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રોહિત કુલીન લોડાયા** (PS 4728) | ઈ-૧/૪૦૧, શુકન સ્માઈલ સિટી, ઓફ જીએસટી રેલ્વે ક્રોસીંગ, જીએસટી ઓવરબ્રિજ પાસે, ન્યુ રાનીપ, અમદાવાદ-૩૮૨ ૪૮૦. મો. : ૦૭૮૭૮૨ ૧૯૮૫૦ |
| **જય બિપીન ધરમશી** (PS 7328) | C/o. પી. ડીમેલો, બી-૬૦૫, ડી વિંગ, લક્ષ્મીનારાયણ કો.હા.સો., સાબુસિદ્દીક હોસ્પીટલની સામે, ઈમામવાડા, ભિંડી બજાર, મુંબઈ-૯. |
| **હર્ષદ ગુલાબચંદ મોમાયા** (PS 872) | ૩૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **નીરજ નવીન લોડાયા** (PS 1736) | એ/૩૦૨, સર્વોદય હાઈટ્સ, સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન ટેમ્પલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો. : ૦૯૮૨૦૪ ૪૯૯૧૧ |
| **ઉત્તમ ખીમજી મોમાયા** (PS 1885) | ૭/૮, યોગેશ સોસાયટી, ગણેશ ગાવડે રોડ, અમૃત ડેરીની ઉપર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **સુરેશ માણેકજી કુરૂવા** (PS 2939) | ડી-૩૦૩, ૩જે માળે, મોમાઈ રેસીડેન્સી, સ્ટાર કોલોની, સોનારપાડા ક્રોસ રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૯૩૦૮ ૨૫૫૨૯ / ૯૮૩૩૬ ૧૭૧૨૧ |
| **જયેશ ત્રિકમજી શાહ (લોડાયા)** (PS 7329) | ૬, પાર્શ્વ નિકેતન, જૈન મંદિર પાસે, પાર્શ્વનાથ રોડ, ગદગ - ૫૮૨ ૧૦૩. |
| **હીરેન પ્રેમચંદ ગોશર** (PS 5854) | ૮/૧૪૫૦, ટી. ડી. ઈસ્ટ રોડ, વિજયા નિવાસ, કોચીન - ૬૮૨ ૦૦૨. મો.: ૦૮૮૯૧૧ ૮૨૫૮૪ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૮-૧૭ | અમદાવાદ | નીવાન, પૂજા કરણ લક્ષ્મીચંદ શાહ (મૈશેરી) | બાંઢીયા | પુત્ર |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૮-૧૭ (તા. ભુલ સુધાર) | જખૌ | નવલબાઈ નવીનચંદ્ર માલશી નાગડા | જખૌ | ૬૬ |
| ૧૨-૦૯-૧૭ | ડોમ્બીવલી | મણીકાન્ત રતનશી લોડાયા | સાંયરા | - |
| ૧૩-૦૯-૧૭ | કાંજુર માર્ગ | ભરત રાયચંદ લોડાયા | નાની ખાખડી | ૬૨ |
| ૧૩-૦૯-૧૭ | મુલુંડ | સુધા પ્રતાપ ધનજી નાગડા (માણાવાલા) | નલીયા | ૬૨ |
| ૧૪-૦૯-૧૭ | કોલ્હાપુર | મણીલાલ કાનજી દામજી આણંદજી લોડાયા | તેરા | ૮૦ |
| ૧૪-૦૯-૧૭ | હુબલી | રત્નપ્રભા હેમેન્દ્ર માણેકજી નાગડા (પટેલ) | નલીયા | ૫૯ |
| ૧૬-૦૯-૧૭ | જલગામ | મણીબાઈ કાંતીલાલ મોમાયા | બારોઈ | ૭૩ |

**સેલ્યુકના રોમન અવશેષો** – અનુસંધાન પાના નં. ૨૦થી ચાલુ

બંદર પર આવેલું આ સ્થળ વેપાર-વાણિજ્યમાં અગ્રેસર હતું. તેથી એક જમાનામાં એનો દબદબો હતો. અમે ચાલીસ ટર્કિશ લિરાની પ્રવેશ ટિકિટ ખરીદીને એફેસસમાં દાખલ થયાં ત્યારે ભલે ભૂતકાળનો દબદબો જોવા ન મળ્યો. પરંતુ ભૂતકાળીન ગૌરવની છડી પોકારતા અવશેષો સારા પ્રમાણમાં હતા. ૨,૦૦૦ વર્ષ જૂનાં અવશેષોને સમજવા અમે ગાઈડની સેવી લીધી. એફેસસ એક સમયે હર્યુંભર્યું શહેહર હતું. પંરતુ કેટલાક અવશેષો એવી છિન્નભિન્ન દશામાં છે કે ત્યાં મૂળ શું હશે એ કળવું મુશ્કેલ બની જાય. ઈ.સ. ૧૧૪થી ૧૧૭ની વચ્ચે બંધાયેલી સેલ્સસ લાયબ્રેરીનું માળખું ઘણે અંશે જળવાયું છે. એ બંધાઈ હશે ત્યારે એનું સ્થાપત્ય સુંદર હશે એ જણાઈ આવે છે. મકાનને શોભાવતા ઊંચા, ગોળાકાર થાંભલા અને એમાં મૂકાયેલા પૂતળાં રોમન શૈલીના ધોતક છે. રોમન સેનેટર જુલિયસ સેલ્સસના માનમાં બાંધવામાં આવેલું પુસ્તકાલય પ્રાચીન સમયમાં વિશાળતામાં દુનિયામાં ત્રીજા ક્રમે આવતું હતું. એફેસસના રસ્તાઓ પૂતળાં મૂકીને શણગારવામાં આવ્યા હતા. રાતે તેલના દીવાઓ પ્રગટાવી રસ્તે અજવાળું પાથરવામાં આવતું. બન્ને બાજુએ અવશેષો ધરાવતી ૨૫૦ મીટરથી વધુ લાંબી સ્ટ્રીટ પર ચાલીને અમે હરક્યુલિસ ગેટ સુધી ગયાં જે એના અતીતની જાહોજલાલીનો સ્પષ્ટ ખ્યાલ આપતી હતી.

**જાણવા જેવું :** ● ઈઝ્મિર સૌથી નજીકનું એરપોર્ટ છે. સેલ્યુક જવા માટે તુર્કીના ઘણાં શહેરોમાંથી બસ મળે છે. ત્રીજો પર્યાય ક્રુઝમાં સેલ્યુકથી અર્ધા કલાકના અંતરે આવેલા બંદર પર ઊતરવાનો છે. ● સેલ્યુકમાં પગપાળા બધું જોઈ શકાય છે. જેમને ચાલવું ગમતું હોય તેમને આનંદ આવશે. ● કુટુંબો દ્વારા ચલાવાતી હોટલો સ્વચ્છ અને કિફાયતી હોય છે.

– **'જન્મભૂમિ'**માંથી સાભાર

A NEIGHBOURHOOD THAT BLENDS MODERN LIVING WITH A TOUCH OF NATURE.



SPECTACULAR PRE-LAUNCH

# RIVERSIDE HOMES IN INDIA'S NO.1 CITY TO LIVE IN* AT JUST ₹19,800 P.M.

CODENAME
**Riverside**

Kalyan-Shil Road, Palava

| Residence | Price (₹ In lacs) | Early Bird Savings (₹ In lacs) | Early Bird Price (₹ In lacs) | Effective EMI (₹) |
|---|---|---|---|---|
| 1 BHK | ~~40.05~~ | 1.08 | 38.97 | 19,800 |
| 2 BHK | ~~54.36~~ | 1.44 | 52.92 | 28,800 |
| 3 BHK | ~~63.63~~ | 1.71 | 61.92 | 35,100 |




HOME TO 29,000+ FAMILIES

21,000+ TREES WITH 60% OPEN SPACES

300% VALUE APPRECIATION IN 7 YEARS

INDIA'S FASTEST GROWING CITY WITH 21,000+ HOMES DELIVERED ALREADY

## FIVE REASONS TO BUY A HOME AT PALAVA, MUMBAI'S SISTER CITY

1. This year's biggest, pre-launch.
2. India's best and most livable investment destination.
3. Located adjoining what will be Mumbai's next BKC.
4. Lowest interest rates making this festive season full of cheer
5. Everybody's a winner – a host of special finance products and offers

**Save up to ₹1.71 lacs**

*Special Offer*

**Call Neerav Katrodia 7710006066**

RERA ID : A51700004044

Disclaimer:*Ranked No. 1 by JLL in its 'Livability Quotient – A Paradigm Shift in India's Emerging Cities' report 2017.
MahaRERA Registration No.: P51700010109; P51700010960; P51700011068, available at website:http://maharera.mahaonline.gov.in

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (18-09-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# સેલ્યુકના રોમન અવશેષો – ચંદ્રિકા લોડાયા





સેલ્યુકથી ત્રણ કિલોમીટર દૂર આવેલું એફેસસ પ્રાચીન ગ્રીક શહેર હતું. તુર્કીના પશ્ચિમ છેડે આવેલા સેલ્યુકમાં અમે રહેવા માટે હોટેલ બુક કરાવી હતી. તે એક કુટુંબ ચલાવતું હતું. સેલ્યુકમાં કુટુંબો દ્વારા ચલાવાતી ઘણી હોટલો છે. આવી હોટેલમાં રહેવાથી સ્થાનિક લોકો અને સંસ્કૃતિનો પરિચય થાય છે હોટેલની અગાશી અને અમારા રૂમની બાલ્કનીમાંથી સેલ્યુકને ઘેરી વળેલા પર્વતોનું સુંદર દૃશ્ય દેખાતું હતું. અમને સારી હોટેલ પસંદ કરવાનો આનંદ થયો, પરંતુ ખટકો હતો કે કુટુંબમાં કોઈ અંગ્રેજી બોલતું નહોતું. કુટુંબનો વડો ભાંગ્યાતૂટ્યા અંગ્રેજી સાથે અસ્ખલિત જર્મન બોલતો હતો જ્યારે મને ભાંગ્યુંતૂટ્યું જર્મન આવડતું હતું. અમારું ગાડું ગબડી ગયું. અમારા યજમાન સાથે થોડો પરિચય કેળવી અમે ગામના હાર્દમાં ગયાં. આવા નાના ગામનું હાર્દ આટલું ચેતનવંતું હશે એવી અમને કલ્પના નહોતી. પચાસથી સાઠ લોકો બે રેસ્ટોરાંની બહાર આવેલી ખુલ્લી જગ્યામાં બિછાવેલાં ટેબલ-ખુરશી પર બેસીને કોઈ રમત રમી રહ્યા હતા. અમને રસ પડ્યો. નજીક આવેલા એક કેફેમાં બેસીને કોફી પીતાં અમે એમનું નિરીક્ષણ કરવા લાગ્યાં. કેફે પાસે કોઈક પ્રાચીન સ્મારકના અવશેષો અને પાણીથી ભરેલો એક હોજ હતો. બધું મળીને સરસ મજાનું વાતાવરણ હતું. રમનારાઓમાં સ્ત્રીઓ નહોતી અને મોટા ભાગના લોકો નિવૃત્ત લાગતા હતા. રમનારા કોઇએ ખાવાનું નહોતું મંગાવ્યું. એમણે માત્ર ચા કે કોફી મગાવી હતી થતાં એમને લાંબો સમય બેસવાની જે સગવડ આપવામાં આવી હતી તે પ્રશંસનીય હતી. સિનિયર સિટિઝનોની આ સમાજ જે રીતે સંભાળ લે છે તે અનુકરણીય લાગ્યું.

પ્રાચીન સમયની દુનિયાની સાત અજાયબીઓમાંની એક અજાયબી એવું આર્ટિમિસનું મંદિર સેલ્યુકમાં આવેલું છે.

**સેલ્યુકથી બે-ત્રણ કિલોમીટર દૂર આવેલા એફેસસ જવું તો પગપાળા જવું. તેમ કરતા અદભુત નૈસર્ગિક સૌંદર્યનો સાથ પ્રાપ્ત થાય. સાથે વ્યાયામનો લાભ મળે એ છોગામાં**

એ જોવા અમે ઉત્સુક હતાં. ત્યાં પહોંચ્યા તો મંદિરના નામે માત્ર એક થાંભલો અને થોડાક પથરા હતા ! આપણી કલ્પનાશક્તિ કેટલી ખીલેલી છે એની આ જગ્યાએ પરીક્ષા આપવાની છે ! બચેલા થાંભલાના અવશેષ પરથી આપણે આવા ૧૨૭ થાંભલાની કલ્પના કરવાની અને પછી આખા મંદિરની. અમને ત્યાં એક ભારતીય કુટુંબ મળ્યું જે આ અજાયબી જોયા પછી નિરાશ હતું. એમાંના એકે કહ્યું કે આપણે આર્કિઓલોજિસ્ટ થોડા છીએ કે આવામાં આનંદ લઈ શકીએ ! ઈસુથી ચાર પાંચ સદી પહેલાં રચાયેલી આ અજાયબી જળવાઈ નથી, પરંતુ પર્યટકો ખાસ કરીને બે-ત્રણ કિલોમીટર દૂર આવેલા એફેસેસ માટે ખાસ સેલ્યુક આવે છે. એફેસસ પ્રાચીન ગ્રીક શહેર હતું. ઈસુ પહેલાં સાતમી સદીમાં આ એક ધનાઢ્ય શહેર હતું, વિદ્વાનો અહીં વસતા અને વિદ્યાનું ધામ હતું. ગ્રીક ફિલોસોફર હિરાક્લિટ્સ અહીંની પેદાશ હતો. અમે એફેસસ સુધી ચાલી નાખવાનું નક્કી કર્યું. શેતૂરનાં વૃક્ષોથી છવાયેલો માર્ગ મનોહર લાગતો હતો. જમીન પર સફેદ શેતૂર વિપુલ પ્રમાણમાં વેરાયેલા હતાં. જેમાં ક્યાંક ક્યાંક કાળાં શેતૂર પણ દેખાતા હતાં. જેમાં ક્યાંક ક્યાંક કાળાં શેતૂર દેખાતાં હતાં. નિસર્ગની સંગાથે ચાલવામાં ખૂબ આનંદ આવ્યો. અમે એફેસસના પ્રવેશદ્વાર પર પહોંચ્યા ત્યારે માનવસમુદ્ર એક દ્વારમાંથી બહાર આવતો દેખાયો. બીજા દરવાજામાંથી બીજો માનવસમુદ્ર અંદર જઈ રહ્યો હતો. અમે અંદર જતા સમુદ્ર સાથે ભળી ગયાં.

અનુસંધાન પાના નં. ૧૮ ઉપર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,